અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૧૦

વર્ષ : ૧૬
અંક : ૨૦૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

અમિત શાહે કુંભ મેળામાં સૌને જોડાવાની અપીલ કરી

૨૩ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો યોજાયો

## હિન્દુ આધ્યાત્મિક મેળાનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કર્યું ઉદઘાટન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન દ્વારા આજથી એટલે ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો યોજાયો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય સુરેશ ભૈયાજી જોશી, સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી, લીંબડી નિંબાર્ક પીઠના મહામંડલેશ્વર ૧૦૦૮ લલિત કિશોરદાસજી મહારાજ, છારોડી સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી માધવ પ્રિયદાસજી તેમજ વિવિધ સંપ્રદાયના સાધુ સંતો પણ જોડાયા હતા. મહત્વનું છે કે, આજથી શરૂ થયેલા મેળામાં વિભિન્ન સાંસ્કૃતિક, ધાર્મિક અને સર્જનાત્મક વિષયોનું સુંદર સમન્વય કરવામાં આવ્યું છે. ૧૧ કુંડી સમરસતા યજ્ઞશાળા, ૧૧થી








વધુ મુખ્ય મંદિરોનું જીવંત દર્શન, ૧૫થી વધારે મુખ્ય મંદિરોની પ્રતિકૃતિ, કુંભ મેળા દર્શન, ગંગા આરતી, આદિવાસી સંસ્કૃતિ દર્શાવતું વનવાસી ગ્રામ આદિ મેળામાં ઝાંખી મૂકવામાં આવી છે.

આજથી શરૂ થયેલા કેન્દ્રીય મેળાના ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંબોધન કર્યું હતું. જેમાં તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝને યાદ કર્યા હતા. તેમજ જણાવ્યું હતું કે, "સૌથી પહેલા નેતાજીને પ્રણામ કરી મારી વાતની શરૂઆત કરું છું. નેતાજી ૯૦ વર્ષના આઝાદીના સંગ્રામમાં ધ્રુવ તારાની જેમ રહ્યા છે. સમગ્ર જીવન ત્યાગ આઝાદી માટે સમર્પિત કર્યું. નેતાજીને હું ફરીવાર પ્રણામ કરું છું. આવતા પહેલા થોડું ચક્કર લગાવીને હું આવ્યો ૨૦૦થી વધુ સેવા કરવાવાળી સંસ્થાઓને એક મંચ પર લાવવાનું કામ આયોજકોએ કર્યું છે."

આ સાથે તેમણે જણાવ્યું છે કે, "આ હિન્દુ મેળામાં રાણી અહિલ્યાબાઈનો પણ સ્ટોલ છે. તેમણે ૨૦ ધર્મસ્થાનોને પુનઃ જીવિત કરવાનું કામ કર્યું હતું. ૩૦૦ વર્ષ ખૂબ મોટી માત્રામાં ઉજવવામાં આવ્યા છે. ત્યારે આ મેળામાં પણ એમને સ્થાન આપ્યું છે. જે જ્ઞાનવર્ધક થશે એનો મને વિશ્વાસ છે." અમિત શાહે પોતાના સંબોધનમાં મહાકુંભ અંગે જણાવ્યું હતું કે, "હાલ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલતા કુંભ મેળામાં ગુજરાતીઓને જવા માટેની અપીલ કરતા કહ્યું હતું કે, પ્રયાગરાજમાં મહાકુંભ ચાલે છે. ૧૪૪ વર્ષ પછી પ્રયાગરાજમાં ફરી મહાકુંભ થયો છે. અનેક એમ્બેસેડર જોડે વાત થઈ એમને મેં કહ્યું, ત્યાં જવા માટે કોઈ નિમંત્રણ પત્રિકા નથી. સરકારની કામગીરી રામસેતુ ખિસકોલી જેટલી હોય છે. સૌ ગુજરાતીઓને કહું છું કે, મહાકુંભ ઘણા લોકોના નસીબમાં નથી આવતો ઘણાના અનેક જન્મો સુધી નથી આવતો, તમારા નસીબમાં મહાકુંભ છે તો જરૂર જવું જોઈએ. મહાકુંભ માટે કોઈ ફાઈવસ્ટાર હોટલમાં નથી રોકાતા ટેન્ટમાં ઠંડીમાં રહે છે, કુંભમાં નામ, ધર્મ, જાતિ નથી પૂછાતી. સ્નાનના દિવસે લોકો મોઢું જોયા વિના ગંગામાં ડૂબકી લગાવો. હું ૯ કુંભમાં જઈ આવ્યો છું અને હવે ૨૭ જાન્યુઆરીએ ૧૦માં કુંભમાં જઈશ. સૌ ગુજરાતીઓને હું અપીલ કરું છું કે, કુંભમાં જવું જોઈએ ખાસ કરીને યુવાનો અને કિશોરોને કુંભમાં લઈ જવા જોઈએ."

### અનુપમ ખેર ત્રિવેણી સંગમમાં ડુબકી લગાવી ભાવવિભોર થયા



। પ્રયાગરાજ, તા.૨૩ ।

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ અભિનેતા અનુપમ ખેર મહાકુંભમાં પહોંચ્યા. તેમણે સંગમમાં ડૂબકી લગાવી. ગંગામાં સ્નાન કરતી વખતે અનુપમ ભાવુક થઈ ગયા. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. તેમણે વીડિયો શેર કર્યો અને કહ્યું કે તેમણે જીવનમાં પહેલીવાર ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું છે. એટલું જ નહીં, તેમણે એમ પણ કહ્યું કે ગયા વર્ષે આજના દિવસે જ તેમની આંખોમાંથી આ રીતે આંસુ નીકળ્યા હતા.

### બાળાસાહેબને ભારત રત્ન આપવામાં આવે તેવી માંગ

। મુંબઈ, તા.૨૩ ।

ઉદ્ધવ સેનાના સાંસદ સંજય રાઉતે ગુરુવારે માંગ કરી હતી કે, શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેને ભારત રત્નથી સન્માનિત કરવા જોઈએ. પીએમ નરેન્દ્ર મોદીએ ૨૬મી જાન્યુઆરીએ આની જાહેરાત કરવી જોઈએ. બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતિ નિમિત્તે તેમણે કહ્યું કે, બાળાસાહેબ ઠાકરે તમામ હિંદુઓ અને મરાઠી લોકો માટે ભગવાન સમાન છે.

મોસ્કો પર વધારે પ્રતિબંધો લગાવવાની ચેતવણી અપાઈ હતી

## ટ્રમ્પે ધમકી આપી તો રશિયા ઢીલું પડ્યું, યુદ્ધ વિરામને લઈ શરત મુકી

### રશિયાએ પણ હવે કહી દીધું છે કે, તેઓ યુદ્ધ ખતમ કરવા માટે તૈયાર છે, પણ કહ્યું કે, આ વાતચીત પરસ્પર સન્માન પર આધારિત હોવી જોઈએ

। (એજન્સી) મોસ્કો, તા.૨૩ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં આવ્યા બાદ રશિયાને યુદ્ધ ખતમ કરવા માટે કહ્યું છે. રશિયાએ પણ હવે કહી દીધું છે કે, તેઓ યુદ્ધ ખતમ કરવા માટે તૈયાર છે, પણ કહ્યું કે, આ વાતચીત પરસ્પર સન્માન પર આધારિત હોવી જોઈએ. એટલે કે તેમની માગ છે કે વાતચીતમાં એકતરફી નિર્ણય ન હોય. ગુરુવારે રશિયાએ ટ્રમ્પને જવાબ આપતા કહ્યું હતું કે, તેઓ તેમની સાથે પરસ્પર સન્માનજનક સંવાદ માટે તૈયાર છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવ સાથે જ્યારે પત્રકારોએ પુતિનની ટિપ્પણીને લઈને પૂછ્યું તો તેમણે કહ્યું કે,



"અમને તેમાં કંઈ નવું દેખાતું નથી." ટ્રમ્પની ટીકા કરતા તેમણે કહ્યું કે, ટ્રમ્પના પહેલા રાષ્ટ્રપતિ કાર્યકાળમાં સ્પષ્ટ થઈ ગયું છે કે તેમને પ્રતિબંધ લગાવવાનું પસંદ છે. રશિયા તેમના નિવેદનોને ધ્યાનથી જોઈ રહ્યું છે. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો પુતિન યુદ્ધ ખતમ કરવા પર સહમત નહીં થાય તો તેઓ મોસ્કો પર વધારે પ્રતિબંધો લગાવશે. તેમણે કહ્યું કે, "જો અમે કોઈ ડીલ પર નથી પહોંચતા, તો અમારી પાસે રશિયા તરફથી અમેરિકા અથવા અન્ય દેશોને વેચાતી દરેક વસ્તુઓ પર હાઈ ટેક્સ અને પ્રતિબંધ લગાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી રહેતો." જોકે આગળ કહ્યું કે, અમેરિકાનો ઈરાદો રશિયાને નુકસાન પહોંચાડવાનો નથી અને તેમને રાષ્ટ્રપતિ પુતિન સાથે હંમેશા સારા સંબંધો રહ્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, "રશિયાની અર્થવ્યવસ્થા નિષ્ફળ થઈ રહી છે. હું રાષ્ટ્રપતિ પુતિન પર બહુ મોટો ઉપકાર કરી રહ્યો છું. હાલમાં ડીલ કરે અને આ મૂર્ખતાપૂર્ણ યુદ્ધને ખતમ કરે, આ ખરાબ થતું જાય છે."

ઘણાં જિલ્લામાં હિમવર્ષાની ચેતવણી

## અમેરિકામાં બરફના તોફાની તાંડવમાં ૧૦ નાગરિકોના મોત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાના દક્ષિણના રાજ્યોમાં ભારે હિમવર્ષાને પગલે અનેક રાજ્યોમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. અમેરિકાના ઈતિહાસની સૌથી ભીષણ હિમવર્ષા અને બરફના તોફાનમાં અત્યાર સુધી ૧૦ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૨૧૦૦ ફ્લાઈટ્સ રદ થઈ ચૂકી છે. મિસિસિપી, અલબામા, ફ્લોરિડા, જ્યોર્જિયા અને લુઈઝિયાના સહિત ઘણાં રાજ્યોએ ઈમરજન્સીની જાહેરાત કરી છે. ઘણા વિસ્તારોમાં ભારે હિમવર્ષાને કારણે શાળાઓ અને સરકારી ઓફિસો બંધ કરી દેવાઈ હતી. અગાઉ અમેરિકાની નેશનલ વેધર સર્વિસે દક્ષિણ-પૂર્વના રાજ્યોમાં ભારે હિમવર્ષા અને કરા પડવાની ચેતવણી આપી હતી. માર્ગો બંધ થવાને કારણે ટેક્સાસથી માંડી ફ્લોરિડા સુધી જનજીવન થંભી ગયું હતું. હિમવર્ષા બંધ થયા



પછી રસ્તાઓ ખૂલવા અને હવાઈ સેવા શરૂ થવામાં સમય લાગશે. ટેક્સાસમાં એક હાઈવે પર હિમવર્ષના કારણે થયેલા અકસ્માતમાં પાંચ લોકોનું મૃત્યુ થયું હતું. અલબામામાં પણ તોફાનને કારણે બે અને જ્યોર્જિયામાં એક વ્યક્તિનું મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર આર્કટિકથી શરૂ થયેલું તોફાન રાતના સમયે વધુ મુશ્કેલી ઊભી કરશે.

૭૦ કરોડની ૧૦૧ વીઘા જમીન ટાંચમાં લીધી

## ઉત્તરાખંડમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ મંત્રી પર EDનો સકંજો

। (એજન્સી) દેહરાદુન, તા.૨૩ ।

તાજેતરમાં, ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ ઉત્તરાખંડના પૂર્વ વન મંત્રી અને કોંગ્રેસ નેતા હરકસિંહ રાવત વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી અને દેહરાદૂનમાં સ્થિત તેમની ૭૦ કરોડ રૂપિયાની ૧૦૧ વીઘા જમીન જપ્ત કરી. આ અંગે માહિતી આપતાં કેન્દ્રીય એજન્સીએ એક નિવેદનમાં કહ્યું કે, રાવતે કેટલાક લોકો સાથે મળીને દહેરાદૂનના સહસપુર સ્થિત આ જમીન પચાવી પાડવાનું કાવતરું ઘડ્યું હતું, જેના પછી ૨૦ જાન્યુઆરીએ EDએ PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ)ની અરજી કરી હતી આ અંતર્ગત આદેશ જારી કરવામાં આવ્યો હતો, ૧૦૧ વીઘાના આ બે પ્લોટ અસ્થાયી રૂપે જોડવામાં આવ્યા હતા. EDએ જણાવ્યું હતું કે અટેચ કરેલી જમીનની નોંધણી કિંમત માત્ર રૂ. ૬.૫૬ કરોડ છે, પરંતુ તેની વર્તમાન બજાર કિંમત રૂ. ૭૦ કરોડથી વધુ છે. ૬૪ વર્ષીય હરકસિંહ રાવત રાજ્યના પૂર્વ વન મંત્રી છે. ૨૦૨૨ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા. ખાસ વાત એ છે કે આ એ જ જમીન છે, જેને લઈને હરકસિંહ રાવત અગાઉ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

ઓડિશા હાઈકોર્ટમાં દાખલ થઈ અરજી

## સુભાષ ચંદ્ર બોઝને રાષ્ટ્ર પુત્ર ઘોષિત કરવાની માગ

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૩ ।

આજે દેશ સ્વતંત્રતા સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જયંતિ ઉજવી રહ્યો છે. આ અવસર પર ઓડિશા હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં માગ કરી છે કે બોઝને સત્તાવાર રીતે રાષ્ટ્રપુત્ર ઘોષિત કરવામં આવે. અરજીમાં આઝાદ હિન્દ ફૌજના સ્થાપના દિવસને નેશનલ ડે ઘોષિત કરવાની માગ પણ કરવામાં આવી છે. કટકથી સામાજિક કાર્યકર્તા પિનાક પાની મોહંતીએ અરજી દાખલ કરી કહ્યું કે, દેશની આઝાદી માટે નેતાજીના બલિદાનના કારણે તેમને રાષ્ટ્રપુત્ર તરીકે માન્યતા આપવી જોઈએ. અરજીમાં આઝાદ હિન્દ ફૌજના સ્થાપના દિવસ ૨૧ ઓક્ટોબરને નેશનલ ડે ઘોષિત કરવાની પણ માગ કરી છે. આ માગ ઉપરાંત મોગંતીએ પણ માગ કરી છે કે, નેતાજીના રહસ્યમયી રીતે ગુમ થવાનું સત્ય જાહેર કરવામાં આવે.

રાષ્ટ્રપતિ અને પીએમ મોદી સાથે કરશે મુલાકાત

## છત્તીસગઢના બૈગા જનજાતિના લોકોને મળ્યું ગણતંત્ર દિવસના કાર્યક્રમમાં સામેલ થવાનું નિમંત્રણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમ્યાન કર્તવ્ય પથ પર સેનાના જવાન પરેડ કરશે. આ દરમ્યાન છત્તીસગઢના કવર્ધામાં રહેતા અમુક પરિવારોને ભારતના રાષ્ટ્રપતિ તરફથી દિલ્હીમાં ગણતંત્ર દિવસ સમારંભમાં સામેલ થવા માટે નિમંત્રણ મળ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદીમુર્મૂદ્વારામળેલાનિમંત્રણપરબૈગા પરિવારમાંથી એક સભ્યે કહ્યું કે, અમે બહુ ખુશી થઈ રહી છે કે અમને નિમંત્રણ મળ્યું છે. તો વળી કવર્ધા જિલ્લાના કલેક્ટર ગોપાલ વર્માએ કહ્યું કે, આ ગર્વની વાત છે કે, ૬ બૈગા પરિવારને ભારતના રાષ્ટ્રપતિએ ગણતંત્ર દિવસ પર સામેલ થવા માટે આમંત્રણ મોકલ્યું છે. તેમણે કહ્યું કે, સરકારી યોજના દ્વારા, તેમને એક ઘર અને અમુક અન્ય લાભ મળે છે. તેઓ ૨૩ જાન્યઆરી સુધી દિલ્હી પહોંચી જશે. તેઓ રાષ્ટ્રપતિ સાથે રાત્રિભોજ કરશે અને પીએમ મોદી સાથે પણ મુલાકાત કરશે. બૈગા પરિવારમાં ખૂબ ખુશીનો માહોલ છે. અહીં ઉલ્લેખનિય છે કે, બૈગા જનજાતિ છત્તીસગઢ રાજ્યની એક વિશેષ પછાત જનજાતિ છે.

કરોડો ખેડૂતો અને કારીગરો માટે ખુશખબરી!

## ખેડૂતોના પાક, માલસામાન અને કૌશલ્યને મળશે હવે GI ટેગની ઓળખ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશના ખૂણે ખૂણે વિશિષ્ટ ઓળખ ધરાવતા પાકો, માલસામાન અને કૌશલ્યોને પ્રોત્સાહન આપવા માટે સરકારે GI ટેગવાળા ઉત્પાદનોને વધારવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભૌગોલિક સંકેત (GI) નોંધણી સાથે ઉત્પાદનોની સંખ્યા ૬૦૫ થી વધારીને ૧૦,૦૦૦ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. તેમણે કહ્યું કે ૨૦૩૦ સુધીમાં GI રજિસ્ટ્રેશનને ૧૦,૦૦૦ સુધી લઈ જવાના પ્રયાસની દેખરેખ રાખવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. તેમણે કહ્યું, 'આપણી આકાંક્ષા એવી હોવી જોઈએ કે આગામી પાંચ વર્ષમાં આપણે જીઆઈની વાર્તા દરેક રાજ્ય અને દરેક જિલ્લામાં લઈ જઈ શકીએ.' GI ઉત્પાદનો એ ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પાદિત કૃષિ, કુદરતી અથવા ઉત્પાદિત ઉત્પાદનો (હસ્તકલા અને ઔદ્યોગિક માલ) છે. સામાન્ય રીતે, ઉત્પાદન સાથે જોડાયેલ GI ચિહ્ન ગ્રાહકને તેની ગુણવત્તા અને વિશિષ્ટતા વિશે ખાતરી આપે છે. ગોયલે અહીં આયોજિત 'GI સમાગમ'માં જણાવ્યું હતું કે, અમારી પાસે આગળ વધવાની ખૂબ જ મહત્વાકાંક્ષી યોજના છે.

પંજાબમાં કાગળો પર નકલી ગામ વસાવી દીધું

## અધિકારીઓએ ડેવલપમેન્ટના નામે લાખો રૂપિયા ચાંઉ કર્યા

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૩ ।

દેશમાં નકલીની ભરમાર વચ્ચે હવે પંજાબમાં સરકારી અધિકારીઓએ કાગળ પર નકલી ગામ જ વસાવી લીધું. પંજાબના ફિરોઝપુર જિલ્લામાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં સરકારી અધિકારીઓએ લાખો રૂપિયા ચાંઉ કરવા માટે કાગળો પર એક નકલી ગામ જ વસાવી દીધું. આ નકલી ગામના નામ પર કેન્દ્ર સરકાર પાસેથી ૪૫ લાખ રૂપિયા લેવામાં આવ્યા. ત્યારબાદ વિકાસ કાર્ય માત્ર કાગળ પર જ કરાવી દેવામાં આવ્યું. આ મામલાનો ખુલાસો વર્ષો પછી RTI દ્વારા થયો છે. જિલ્લા વહીવટીતંત્રે આ સમગ્ર કૌભાંડની તપાસના આદેશ આપ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ મળીને ફિરોઝપુરની સરહદ પર સ્થિત નઈ ગટ્ટી રાજો કે ના નામ પર એક નકલી ગામ ન્યૂ ગટ્ટી રાજો કે ને કાગળો પર વસાવી દીધું. ત્યારબાદ આ નકલી ગામના વિકાસ કાર્યો કાગળો પર જ શરૂ કરી દેવામાં આવ્યા અને કેન્દ્ર સરકાર તરફથી મળેલી ૪૫ લાખ રૂપિયાની રકમ ચાઉં કરી ગયા. આ મામલો લગભગ પાંચ વર્ષ પહેલાનો છે, જ્યારે પંજાબમાં કોંગ્રેસની સરકાર હતી. જ્યારે એક વ્યક્તિને આ કૌભાંડની જાણ થઈ ત્યારે તેણે ૨૦૧૯માં RTI દાખલ કરી અને સંબંધિત વિભાગ પાસેથી માહિતી માગી.

વકીલોએ કર્યો ચોંકાવનારો ખુલાસો

## અભિનેતા સૈફ અલી ખાનની મિલકતો જપ્ત થવાના ભયમાં

। (એજન્સી) ભોપાલ, તા.૨૩ ।

મધ્યપ્રદેશના ભોપાલમાં અભિનેતા સૈફ અલી ખાન અને તેમના પરિવારને વારસામાં મળેલી ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની મિલકત શત્રુ સંપત્તિ કસ્ટોડિયન ઓફિસના આદેશ સામે અપીલ દાખલ કરવાને કારણે લટકી રહી છે. વકીલોએ જણાવ્યું હતું કે જો ભોપાલ નવાબના વારસદારો દ્વારા શત્રુ સંપત્તિ કસ્ટોડિયન ઓફિસના આદેશ સામે અપીલ દાખલ કરવામાં નહીં આવે, તો મિલકતો કેન્દ્રના નિયંત્રણ હેઠળ આવી શકે છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટના ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ આ મુદ્દા પરના આદેશ બાદ તેમણે કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના મુંબઈ સ્થિત કસ્ટોડિયન શત્રુ સંપત્તિ સંરક્ષક ઓફીસ સમક્ષ અપીલ દાખલ કરી છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. તમને જણાવી દઈએ કે સૈફ અલી ખાનની માતા અને પ્રખ્યાત અભિનેત્રી શર્મિલા ટાગોર (પટૌડી) અને અન્ય લોકોએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૫ ના રોજ શત્રુ સંપત્તિ કસ્ટોડિયનના નવાબની શત્રુ સંપત્તિ તરીકેના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ગૃહ મંત્રાલય હેઠળના સત્તાવાળાઓએ આ આધાર પર ચુકાદો આપ્યો હતો કે નવાબ મુહમ્મદ હમીદુલ્લાહ ખાનની મોટી પુત્રી આબિદા સુલતાન બેગમ ભાગલા પછી પાકિસ્તાન સ્થળાંતર કરી ગઈ હતી.

**પોલીસ ભરતી પ્રક્રિયામાં । ભેજાબાજે પોતાના મિત્રના કોલલેટરનો ઉપયોગ કરીને ગુગલક્રોમમાં એડિટ કરીને પોતાના નામનો ખોટો કોલલેટર બનાવી દીધો હોવાનો ઘટસ્ફોટ**

# બોગસ કોલ લેટર બનાવીને આવેલો કલોલનો ઉમેદવાર પકડાયો

। (એજન્સી) મહેસાણા, તા.૨૩ ।

મહેસાણા શહેરમાં આવેલ પોલીસ હેડ કવાર્ટરના મેદાનમાં હાલ પોલીસ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની શારીરીક કસોટી પરીક્ષામાં સીફતપૂર્વક પોલીસ ભરતી બોર્ડનો ખોટો કોલ લેટર તૈયાર કરીને પહોંચેલા કલોલનો એક ભેજાબાજ ચકાસણી દરમિયાન પકડાઈ ગયો હતો. જેમાં પોતાના મિત્રના અસલી કોલ લેટરનો દુરૂપયોગ કરી પીડીએફ એડીટર એપ્લીકેશનના માધ્યમથી તેણે પોતાનું નામ લખી દઈ આબેહુબ રાજય પોલીસ ભરતી બોર્ડનો નકલી કોલલેટર તૈયાર કરી તેના આધારે પોલીસ ભરતીની શારીરીક કસોટીમાં આવ્યો હતો. આ અંગે એ ડિવિઝન પોલીસે ગુનો



દાખલ કરીને તપાસ શરૂ કરી છે.મહેસાણામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક અને પીએસઆઈની ભરતીની શારીરીક કસોટીની પ્રક્રિયા તા. ૫-૧-૨૦૨૫થી હાથ ધરવામાં આવેલ છે. નિત્ય કાર્યક્રમ અનુસાર બુધવારના રોજ સવારે પોલીસ ભરતીની કામગીરીમાં રોકાયેલા પોલીસ સ્ટાફ પરેડ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત હતા. તે વખતે ઉમેદવારોની બેચ નંબર પાંચનો એક ઉમેદવારને ચેસ્ટ નંબર ૦૯૩૩ પહેરાવીને રજિસ્ટ્રેશન માટે મોકલવામાં આવ્યો હતો. જયાં આ ઉમેદવારનું અગાઉ રજીસ્ટ્રેશન થઈ ચુક્યું હોવાનું સામે આવ્યું હતું. જેથી તેના કોલલેટરમાં જોતા તેમાં ઉમેદવારનું નામ દીપકુમાર દિનેશભાઈ પરમાર રહે,સાંઈકૃપા સોસાયટી, કલોલ તેમજ કન્ફોર્મેશન નંબર ૬૨૮૯૦૮૩૨ તથા બેઠક ક્રમાક નંબર ૧૦૩૬૨૦૨૦ હોવાનું તેમજ શારીરીક કસોટી માટે તેને ૨૨ જાન્યુઆરીના રોજ સવારે ૭ વાગે હાજર રહેવાનો ઉલ્લેખ કરાયો હતો. ત્યારબાદ, આ અંગે ટાઈમીંગ ટેકનોલોજીના મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડના ઈન્ચાર્જ પાસે કોલલેટરની ચકાસણી કરવામાં આવતાં તેની ઉપર આજરોજ ચેસ્ટ નંબર ૦૫૫૭થી રજિસ્ટ્રેશન થયું હતું. તે ઉમેદવારનું નામ ચિરાગકુમાર ધુળાજી ઠાકોર હોવાનું તેમજ તેણે શારીરીક પરીક્ષા આપતાં નાપાસ થયો હોવાનું ખુલાસો થયો હતો. જેની ખરાઈ પોલીસ ભરતી બોર્ડમાં કરાવવામાં આવતાં આ હકિકતને સમર્થન મળ્યું હતું. પરિણામે, દીપ પરમારે રજૂ કરેલા કોલ લેટર ડુપ્લીકેટ હોવાનું જણાઈ આવતાં ફરજ પરના પોલીસ અધિકારીએ ચિરાગ ઠાકોર અને દીપ પરમારની પુછપરછ કરી હતી. જેમાં બન્ને મિત્રો હોવાથી ચિરાગે પોતાનો અસલી કોલલેટરની પીડીએફ ફાઈલ તા.૯-૧-૨૦૨૫ના રોજ દીપે માંગતા વોટસએપ મારફત મોકલી હતી. તે પછી ભેજાબાજ દીપે તેના મોબાઈલમાં ગુગલ ક્રોમમાં જઈને પીડીએફ એડીટરના માધ્યમથી આ કોલલેટર ઉપર તેનું નામ લખી બનાવટી કોલલેટર બનાવી તેની પ્રીન્ટ કાઢી હોવાની ચોંકાવનારી કબુલાત કરી હતી. મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં બનાવટી કોલ લેટર બનાવીને પોલીસ ભરતીની શારીરીક કસોટી આપવા પહોંચેલા કલોલના ઝડપાયેલા ભેજાબાજ સામે એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## વડોદરાના પૂર્વ સાંસદની ગ્રાન્ટમાંથી ખરીદેલી વડોદરા દર્શન બસ સેવા બંધ હાલતમાં

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

વડોદરા શહેરમાં અનેક એવી જગ્યાઓ છે કે જ્યાં લોકો પ્રવાસન તરીકે નિહાળતા હોય છે ત્યારે વડોદરાના પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટના અનુદાનમાંથી વડોદરા દર્શન નામની એસીવાળી બસ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. ત્યારે આ બસ માત્ર થોડા મહિનાઓ જ વડોદરા શહેરમાં દર્શન આપ્યા. ત્યારબાદ આ બસ ક્યાંક ખોવાઈ ગઈ સાથે જ વડોદરા શહેરમાં આવતા પ્રવાસીઓ આ બસ થકી વડોદરા દર્શન કરે તે હેતુસર પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટ દ્વારા વડોદરા કોર્પોરેશનને ૨૦૧૫/૧૬ માં ભેટ સ્વરૂપે તેમજ જાળવણી રાખશે તે હેતુસર પોતાના અનુદાનમાંથી આપવામાં આવી હતી. પરંતુ હવે આ બસ કમાટીબાગના પાછળના ભાગમાં ધૂળ ખાઈ રહી છે અને ક્યાંક હવે આ વડોદરા દર્શન બસના જો દર્શન કરવા હોય તો ધૂળ ખાયેલી બસ કમાટીબાગની પાછળ પડેલી છે ત્યારે સામાજિક કાર્યકર કમલેશ પરમાર દ્વારા કોર્પોરેશન પર કટાક્ષ ભર્યા નિવેદનો આપ્યા હતા સાથે જ ક્યાંક કોર્પોરેશનએ ગોટાળો કર્યો હોય તેવા આક્ષેપો પણ તેઓ દ્વારા કરવામાં આવ્યા હતા.

# સુરતમાં ૬૮ વાલીઓ સામે ગુનો નોંધવાનો આદેશ

## અનેક વાલીઓ પોતે લખપતિ હોવા છતાં આવકના દાખલામાં ઓછી કિંમત લખાવી હતી

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત શહેરમાં આવકના ખોટા પુરાવા રજૂ કરી પોતાના બાળકોનો આરટીઈ અંતર્ગત શાળામાં પ્રવેશ અપાવવાના મુદ્દે સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ખોટા આવકના પુરાવાના આધારે એડમિશન મેળવનારા ૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા છે. જેમાંથી ૬૮ વાલી સામે ફોજદારી ગુનો દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે અને ૩૨ વિદ્યાર્થીના વાલીઓને સુરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ બોલાવવામાં આવ્યા છે.નોંધનીય છે કે, શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરતાં સામે આવ્યું કે, અનેક વાલીઓ પોતે લખપતિ હોવા છતાં આવકના દાખલામાં ઓછી કિંમત લખાવી હતી. તપાસમાં અનેક એવા કિસ્સા સામે આવ્યા જેમાં RTE હેઠળ પ્રવેશ મેળવેલાં વિદ્યાર્થીના વાલી નિયત આવક મર્યાદા કરતાં વધુ કમાણી ધરાવતાં હતાં. જેમાંથી કેટલાંક વાલી ૭૪ લાખની હોમલોન ભરી રહ્યા છે. ત્યારે કેટલાંક વાલીઓ સાડા ચાર લાખ રૂપિયાનું રિટર્ન ભરી રહ્યા છે. પરંતુ, આવકના દાખલામાં પોતાની આવક ઓછી દર્શાવી ગેરકાયદે પોતાના બાળકોનું એડમિશન લઈ લીધું છે. DEO દ્વારા શાળાઓને પણ આદેશ કરવામાં આવ્યો છે કે, જો આવી કોઈપણ ઘટના સામે આવે તો તુરંત શિક્ષણ વિભાગનું ધ્યાન દોરવું. જોકે, અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે, ભ્રષ્ટ અધિકારીઓ સામે ખોટા દસ્તાવેજ બનાવવા મુદ્દે કાર્યવાહી ક્યારે કરવામાં આવશે? આ સિવાય જે ૧૦૦ જરૂરિયામંદ બાળકો હતાં જે આ ભ્રષ્ટાચારના કારણે RTE હેઠળ પ્રવેશ ન મેળવી શક્યાં તેમના બંધારણીય અધિકારના હનનનું વળતર કોણ ચૂકવશે? અધિકારીઓના ભ્રષ્ટાચારના કારણે હવે RTE ની આ ૧૦૦ જગ્યા ખાલી રહેશે અને જે ખરેખર આ યોજના હેઠળ શિક્ષણના હકદાર હતાં તે પણ વંચિત રહી ગયાં. શિક્ષણ વિભાગ દ્વારા જ્યારે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે જ દસ્તાવેજ યોગ્ય રીતે ચકાસવામાં કેમ નથી આવતા? ભ્રષ્ટ અધિકારીઓના કારણે ક્યાં સુધી આ બાળકો શિક્ષણના અધિકારથી વંચિત રહેશે?

## પહેલા હાટકેશ્વર, અને હવે બનાસ નદી પરનો બ્રિજ નીકળ્યો તકલાદી

। અમદાવાદ, તા.૨૩ ।

હાટકેશ્વર બ્રિજના કોન્ટ્રાક્ટર અજય ઈન્ફ્રાના ભ્રષ્ટાચારનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. જેમાં કાંકરેજના ઉંબરી પાસે બનાસ નદી ઉપરનો પુલ તકલાદી નિકળ્યો હતો. ત્યારે પુલ નબળો હોવાથી અહીં ટ્રેન ૧૦ કિલોમીટરની સ્પીડે હંકારવી પડે છે. અને મળતી માહિતી મુજબ રેલવેને નબળા બ્રિજને કારણે ૧૦૦ કરોડનું નુકસાન સર્જાયું છે. સૂત્રોના જણાવ્યા આધારે કાંકરેજના ઉંબરી પાસે બનાસ નદી ઉપર ૧૦ વર્ષમાં બ્રિજના સળિયા દેખાવા લાગ્યા હતા. જેમાં પિલ્લરમાંથી કોંક્રીટ પણ નિકળવા લાગ્યું હતું. જર્જરીત બ્રિજ ગમે ત્યારે ધસી પડે એવી શક્યતા દેખાઈ રહી છે. આ ઘટનાને લઈ રેલવેએ વિજિલન્સ તપાસ બાદ ફરિયાદ નોંધાવી હતી. જેમાં વર્ષ ૨૦૧૩ માં બ્રિજ બનાવવામાં આવ્યો હતો. ત્યારે આટલા વર્ષોમાંજ બ્રિજની સ્થિતી આવી થતા અને બ્રિજની નબળી કામગીરીના કારણે મોટી દૂર્ઘટનાનું સંકટ સર્જાયું છે. જે તમામ બાબતે રેલ્વે વિજિલન્સ તપાસ બાદ રેલવે વિભાગે અજય ઈન્ફ્રા મહેસાણા સામે ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં નદીમાં પુર આવતા નબળો બ્રિજ હોવાની પોલ ખુલી ગઈ હતી. ત્યારે પુલ નબળો હોવાના કારણે ટ્રેન ૧૦ કિલોમીટરની સ્પીડે હંકારવી પડે છે તેમ રેલ્વેના અધિકારીઓએ જણાવ્યું હતું. પુલની આ ઘટનાને લઈ વધુ એક વખત અજય ઈન્ફ્રાનો ભ્રષ્ટાચાર સામે આવ્યો છે.

**રાજ્ય સરકારનો નિર્ણય**

## નવી મનપામાં વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ પર ભરતી જાહેર થશે

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં ૯ નવી મહાનગર પાલિકાની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, નડિયાદ, વાપી, નવસારી, મહેસાણા, ગાંધીધામ અને પોરબંદરને મહાનગર પાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે રાજ્ય સરકારે નવી જાહેર કરાયેલી મહાનગર પાલિકાઓમાં ભરતીને લઈને જગ્યા ભરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

આ મામલ GPSCના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, ’રાજ્યની મહાનગરપાલિકાઓની વર્ગ ૧ અને ૨ની જગ્યાઓ જીપીએસસી દ્વારા ભરવા રાજ્ય સરકારનો નિર્ણય. જગ્યાઓની વિગતો પ્રાપ્ત થતા આયોગ ભરતીની કાર્યવાહી ઝડપથી શરૂ કરશે. ‘ગુજરાતમાં અગાઉ નગર પાલિકાઓમાં અને મહા નગરપાલિકામાં ભરતીમાં ગેરરીતિઓ બહાર આવી હતી. નડીયાદ નગરપાલિકામાં ભરતીમાં લાંબુ લિસ્ટ છેક રિજનલ કમિશનર સુધી પહોંચ્યું હતું. જેમાં ભરતીમાં ગેરરીતિનો આક્ષેપ થયો હતો. વર્ગ ૧ અને વર્ગ ૨ જેવી જગ્યાઓ પર ભરતીમાં ભ્રષ્ટાચાર અટકે અને ગુણવત્તા યુક્ત ઉમેદવારોની ભરતી થઈ શકે તે માટે GPSC જેવી સંસ્થાને કામગીરી સરકાર દ્વારા સોંપવામાં આવે છે.

GPSC પાસે ભરતી પ્રક્રિયાની એક સ્ટાન્ડર્ડ પ્લેટફોર્મ હોય, ભરતી પ્રક્રિયા ટ્રાન્સપેરેન્ટ અને ઝડપી બને છે.આ ઉપરાંત હજુ મહા નગરપાલિકાઓ વચ્ચે કર્મચારીઓ-અધિકારીઓની બદલી ન થતી હોવાથી હવે નવી બનેલી મહા નગર પાલિકાઓમાં અનુભવી સ્ટાફની અછત રહેશે. મહાનગર પાલિકાના અધિકારીઓ ઈચ્છા ધરાવે છે કે સરકાર બદલીના નિયમોમાં ફેરફાર કરે, જેથી મહા નગરપાલિકાઓ વચ્ચે પણ અધિકારીઓની બદલી થઈ શકે.

**વાંધા સૂચનો પર ચર્ચા પછી નિર્ણય : રાજ્ય સરકાર**

# રાજ્યમાં જંત્રીના ભાવ ઘટાડવા મુદ્દે સરકારને ૬૧% જેટલી અરજીઓ મળી

## ૨૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ, જાહેર હિતમાં ઓન લાઈન ઓફ લાઈન વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ઋષિકેશ પટેલ દ્વારા કેબિનેટ બેઠક મુદ્દે માહિતી આપવામાં આવી હતી જેમાં આવનાર રાજ્યના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ મુદ્દે ચર્ચા થઈ હતી. જેમાં કુલ ૨૭ બેઠક થશે અને કામકાજના ૨૬ દિવસો રહેશે. ૨૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ, જાહેર હિતમાં ઓન લાઈન ઓફ લાઈન વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી. જેમાં શહેરમાંથી ૫૪૦૦ અને ગ્રામ્યમાંથી ૫૬૦૦ વાંધા અરજીઓ આવી છે. ૧૧,૦૪૬ અરજીઓ મળી છે જેમાં ૬૧% જેટલી અરજીઓ જંત્રીના રેટ ઘટાડવાની મળી છે. જ્યારે જંત્રીના દર વધારે છે એવી ૧૭૫૩ અરજી કરવામાં આવી છે. એટલું જ નહી જંત્રીના દર ઓછાથી વધારવાની પણ અરજીઓ પણ મળી છે. તમામ અરજીઓને કમિટી સલાહ સૂચન સાથે વિગતે રાજ્ય સરકારને મોકલશે. ત્યારબાદ આગામી દિવસોમાં જંત્રીને લઈને અંતિમ નિર્ણય લેવાશે.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારને મળેલા વાંધા સૂચનો પર ચર્ચા કરીને પછી જંત્રી મુદ્દે નિર્ણય લેવામાં આવશે. તેમણે જણાવ્યું કે જિલ્લા લેવલે સ્ક્રૂટિની થયા બાદ આ અરજીઓ મળી છે. રાજ્ય કક્ષાએ આખરી થયેથી આની જાહેરાત કરવામાં આવશે. ભાજપના ધારાસભ્ય અરવિંદ લડાની દ્વારા કરવામા આવેલા આક્ષેપ જેમાં રાજકોટમાં મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચાર મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ મુદ્દે ફરીયાદની ગ્રેવીટી જોયા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

ખેડા અને બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી થવાની હતી જેમાં બનાસકાંઠા જિલ્લાનું નવસર્જન થતાં અને ખેડા જિલ્લા પંચાયતના નડિયાદ મહાનગરપાલિકામાં ૧૦ જેટલાં ગામો ભળી જતાં પુનઃ ગઠન થવાનું હોય ચૂંટણી જાહેર કરવામાં આવી નથી.

**૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડનો મોટો નિર્ણય**

# વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

રાજ્યમાં અગામી ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. જેને લઈને અત્યારથી વિદ્યાર્થીઓ ફુલ તૈયારીમાં લાગી ગયા છે. ઉપ રાંત વાલીઓ પણ આતુરતાથી તેમના બાળકોની આ પ રીક્ષાની છેલ્લા કેટલાય સમયથી રાહ જોઈ રહ્યા હતા.

ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓના હિત માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આ હેલ્પલાઈન દ્વારા એક્સપર્ટ કાઉન્સેલર તેમજ સાયકોલોજિસ્ટ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને વિદ્યાર્થીઓના હિત માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ આ હેલ્પલાઈનનો ઉપયોગ કરી શકે છે. જેમાં આ હેલ્પલાઈનનો સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ સુધીનો રહેશે. આ સમય દરમિયાને કોઈ પણ વિદ્યાર્થી તેની સમસ્યાને લઈને ફોન કરી શકે છે. જેમાં એક્સપર્ટ કાઉન્સેલર અને સાયકોલોજિસ્ટ દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા જે ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો છે તે નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે. જેના પર વિદ્યાર્થીઓ, વાલીઓ કે શિક્ષકો સવારે ૧૧ થી લઈ સાંજે ૬ વાગ્યા સુધી ગમે ત્યારે ફોન કરી શકે છે. જેમાં આગામી ૨૭ જાન્યુઆરીથી લઈને ૧૭ માર્ચ સુધી આ હેલ્પલાઈન કાર્યરત રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલી કામગીરી ખરેખરમાં સરાહનીય કહી શકાય.

**વિશેષ** | **૭૬મો પ્રજાસત્તાક પર્વ વિશેષઃ સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સામેલ થયેલા શ્રેષ્ઠ કરતબો અને શોનો સમાવેશ કરાયો**

# પ્રજાસત્તાક પર્વમાં અવનવા કરતબો થકી સૌને આશ્ચર્યચકિત કરશે પોલીસ જવાનોની ટીમ

। (માહિતી) તાપી ।

તાપી જિલ્લામાં રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ગણતરીના દિવસો રહ્યા છે. ત્યારે ૨૬મીએ યોજાનારા ભવ્ય પોલીસ પરેડ તથા વિવિધ શોની રોજબરોજ પ્રેક્ટીસ અને રિહર્સલ શેસનમં થતા સ્ટંટ ખાસ કરીને યુવાઓ અને બાળકોને રોમાંચિત કરે તેવા છે. આ ભવ્ય કાર્યક્રમમાં રજુ થનાર કૃતિઓની વિશેષતાઓ અંગે થોડુ જાણીએ. રાજ્યકક્ષાના કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી સામેલ થયેલા શ્રેષ્ઠ કરતબો અને શોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્ય ૦૫ કાર્યક્રમો છે. બ્રાસ બેન્ડ ડિસ્પ્લે, સાંસ્કૃતિક કાર્યક્રમ, મોટરસાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો પોલીસ વિભાગ દ્વારા રજુ થનાર છે. (૧) બ્રાસ બેન્ડ ડિસ્પ્લે :- - બ્રાસ બેન્ડ ડિસ્પ્લેની ટીમ તાજેતરમાં ઓલ ઈન્ડિયા પોલીસ બેન્ડ કોમ્પ્યુટેશનમાં નાગાલેન્ડ ખાતે ભાગ લઈ ગુજરાત પોલીસનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે. ટીમ દ્વારા વિવિધ ફોરમેશન સાથે ડિસ્પ્લે કાર્યક્રમ રજુ કરવામાં આવશે. જે ખરેખર જોવા જેવો છે. (૨) સાંસ્કૃતિક કાર્યક્રમ (સપ્તરંગી ગુજરાત):-ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતા લોકનૃત્યો જેવા કે ગુજરાતના ભાતિગળ ગરબા,હાલાર પ્રદેશનો રાસ,ડુંગરાળ પ્રદેશના વનબંધુઓનું ટીમ્બલી નૃત્ય. સોરઠ ધરાની ટીપણી નૃત્ય રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસના મહિલા/પુરૂષ મળી કુલ-૨૨૫ કર્મચારીઓએ ભાગ લીધો છે. નૃત્યોનુ સંગીત, ડ્રેસ કોડ અને વિવિધ ફોર્મેશન





સૌમાં જોશ જગાડે છે. (૩) મોટરસાયકલ સ્ટંટ શો : - પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં આ શો સૌથી લોકપ્રિય હોય છે. ખાસ કરીને બાળકોમાં કુતહલતા જગાવતો આ શોમાં મોટરસાયકલની મદદથી સિંગલ અને ડબલ ઈવેન્ટો કરાશે. જેમાં પોલીસ જવાનો દ્વારા આંખના પલકારામાં જ એક બીજાને ઉનિઆંચ પણ ન આવે તે રીતે દિલ ધડક ક્રોસીંગ કરતા વિવિધ સ્ટંટ જોવા મળશે. (૪) ગુજરાતનું ગૌરવવંતુ પોલીસ શ્વાનદળ : - ડોગ શોમાં લેબ્રાડોર, જર્મનશેફર્ડ,અને બેલ્જીયમ મલીનોઈઝ જાતિના ડોગનો સમાવેશ કરાયો છે. આ શ્વાન પગેરૂ શોધવા, ગંધ પારખવવા, સ્ફોટક પદાર્થ શોધવામાં અને નશીલા પદાર્થ શોધવામાં તાલીમબધ્ધ હોય છે. - નોંધનિય છે કે, ગુજરાત રાજ્ય પોલીસ શ્વાનદળે અત્યાર સુધીમાં અખિલ ભારતીય શ્વાન સ્પર્ધા અને ચેંપિયન ડોગ "શો"માં પ્રશંસનીય કામગીરી કરી ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, બ્રોઝ મેડલ, ટ્રોફીઓ અને પ્રંશસાપત્રો મેળવી શ્વાનદળનું ગૌરવ વધાર્યું છે. (૫) અશ્વ શો/ ટેન્ટ પેગીંગ શો : ટેન્ટ પેગીંગનો ઈતિહાસ કઈંક આમ છે, રાજા મહારાજા અને અંગ્રેજોના સમયમા એક બીજાના રાજ્યો ઉપર દુશ્મનોના જે ટેન્ટો લાકડાની પેગો જમીનમાં રોપ ીને એ ટેન્ટોમાં રોકાણ કરતાં આ સમયમાં આવા ટેન્ટો અને દુશ્મનોની છાવણી ઉપર ઘોડાઓ ઉપર સવાર થઈ અશ્વો દ્વારા હુમલો કરી પેગોને ભાલાથી ઉખેડી નાખવામાં આવતા હતા. આ રીતે દુશ્મનોના ટેન્ટો ઉપર હુમલો કરવામાં આવતો હતો. આમ, આ સમય પછી થી હાલમાં નેશનલ લેવલે તેમજ આંતર રાષ્ટ્રીય લેવલે રમાતી અશ્વ સ્પર્ધાઓમાં આ ટેન્ટ પેગીંગ ઈવેન્ટનો ખાસ સમાવેશ કરવામાં આવે છે.

આ ઈવેન્ટમાં પાણીદાર અને ચુનંદા અશ્વોનો તેમજ ચુનંદા અશ્વ સવારો દ્વારા આ હોર્સ-શૉના દિલધડક કરતબો બતાવી તમામ દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. અત્રે નોંધનિય છે કે, પોલીસ વિભાગના તમામ કાર્યક્રમો ડી.જી.પી.સાહેબશ્રીની સુચનાથી સ્ટેટ નોડલ અધિકારી તથા ના.પો.અધિક્ષકશ્રી વિજયસિંહ પરમારની ટીમ દ્વારા તૈયાર કરાવા સહિત તાપી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલની રાહબરી હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.એસ. નાયક અને સમગ્ર તાપી જિલ્લા પોલીસ ટીમ પ્રશંસનીય કામગીરી કરી રહી છે. રાજયકક્ષાના ભવ્ય કાર્યક્રમને નજરસમક્ષ માણવો એક લાહ્વો છે. ત્યારે તાપી જિલ્લામાં બાજીપુરા ખાતે યોજાનાર કાર્યક્રમમાં કોઈ બાકાત ન રહે તથા બાળકો, સિનિયર સીટીઝન સહિત દરેક નાગરિક પ્રજાસત્તાક પર્વમાં સહભાગી થાય તે માટે જિલ્લા તંત્ર દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### અતિકા મીર વર્લ્ડ સિરીઝ કાર્ટિંગમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય યુવતી બનશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતની ૧૦ વર્ષીય કાર્ટિંગ સેન્સેશન અતિકા મીર વર્લ્ડ સિરીઝ કાર્ટિંગ (WSK) ચેમ્પિયનશિપમાં ભાગ લેનારી દેશની પ્રથમ મહિલા બનવા માટે તૈયાર છે, કારણ કે, તેને ૨૯ વખતની ચેમ્પિયન બેબીરેસે એક પૂર્ણ સત્ર માટે કરાર કર્યો છે. ઈટાલીના દક્ષિણમાં લા કોક્રા સર્કિટ ખાતે આયોજિત પરીક્ષણ સત્રમાં તેમના પ્રભાવશાળી પરિણામો પછી આ વાત સામે આવી છે. જમ્મુ અને કાશ્મીર રેસર મીની કેટેગરીમાં એકમાત્ર મહિલા હશે, જેમાં ૬૦ થી વધુ કાર્ટનો અત્યંત સ્પર્ધાત્મક ગ્રીડ હશે. તે આ વર્ષે ત્રણેય WSK ચેમ્પિયનશિપમાં ભાગ લેશે : WSK સુપર માસ્ટર સિરીઝ, WSK યુરો સિરીઝ અને WSK ફાઈનલ કપ ડેબ્યુટન્ટ તરીકે. આ ત્રણ રેસમાંથી પહેલી, WSK સુપર સિરીઝ માસ્ટર સિરીઝ, સપ્તાહના અંતે યોજાશે. તેણે કહ્યું- "બેબીરેસ સાથે WSK માં ડ્રાઈવ કરવાની આ તક મળવાથી હું ખૂબ જ ઉત્સાહિત છું. આ કાર્ટિંગનું ઉચ્ચ સ્તર હશે, જેમાં મે ક્યારેક ડ્રાઈવ કરી છે. મારે ઘણી બધી સર્કિટ શીખવી પડશે અને શિયાળામાં વાહન ચલાવવું એક પડકાર હશે, પરંતુ "હું તેના માટે તૈયાર છું. WSK ને કાર્ટિંગનું શિખર માનવામાં આવે છે જે શ્રેષ્ઠ ડ્રાઈવિંગ પ્રતિભા, ટોચના કાર્ટ ઉત્પાદકો અને એન્જિન નિર્માતાઓને આકર્ષે છે.

### બિહારમાં સરકારી બાબુને ત્યાં નોટોનો ઢગલો પકડાયો

। (એજન્સી) પટણા, તા.૨૩ ।

બિહારના બેતિયા જિલ્લામાં ડીઈઓ એટલે કે જિલ્લા શિક્ષણ અધિકારીને ત્યાં ચલણી નોટોનો ઢગલો પકડાયો છે. વિઝિલન્સની ટીમે ગુરુવારે દરોડા પાડ્યા તો તેમના ઘરેથી મોટાપાયે રોકડ પકડાઈ હતી. આ રકમ એટલી વધારે હતી કે આખો બેડ ભરાઈ ગયો હતો અને નોટોની ગણતરી કરવા માટે મશીન મંગાવવા પડ્યા હતા. અધિકારીની ઓળખ રજનીકાંત પ્રવીણ તરીકે થઈ છે. તેમના ઘરે દરોડાની કાર્યવાહી કરવા ટીમ પહોંચી ત્યારે તેઓ પૂજા કરી રહ્યા હતા. વિઝિલન્સની ટીમે બેતિયામાં રજનીકાંત પ્રવીણના નિવાસ, સમસ્તીપુરમાં તેમના સાસરિયા અને દરભંગામાં પણ કેટલાક ઠેકાણે કાર્યવાહી હાથ ધરી હતી. વિઝિલન્સની ટીમની તપાસમાં જાણવા મળ્યું કે કાળી કમાણી કરનાર આ ડીઈઓ ઑફિસર બેતિયાના વસંત વિહાર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા. વિઝિલન્સની ટીમે એ જ ઘરમાં દરોડાની કાર્યવાહી કરી હતી. ૮ સભ્યોની ટીમે દરોડાની કાર્યવાહી કરી હતી. ડીઈઓ રજનીકાંત ઉપરાંત તેમની પત્ની સુષ્મા વિશે પણ આવી જ માહિતી મળી છે, જે દર્શાવે છે કે તે પણ એક ખેલાડી છે.

### ક્રૂરતાની હદ વટાવી, પતિએ પત્નીના છરીથી ટૂકડે-ટૂકડા કર્યા



। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૩ ।

તેલંગાણામાંથી એક હત્યાની ક્રૂરતાભરી ઘટના સામે આવી છે. તેલંગાણાની રાજધાની હૈદરાબાદને અડીને આવેલા રંગારેડ્ડી જિલ્લામાં એક નિવૃત્ત ફૌજીએ પોતાની પત્નીની હત્યા કરી દીધી. એટલું જ નહીં, આરોપીએ પોતાની પત્નીના શરીરના ટૂકડે-ટૂકડા કરી કર્યા, બાદમાં પ્રેશર કુકરમાં બાફ્યા અને પછી તળાવમાં લઈ જઈને ત્યાં ફેંકી દીધા હતાં. આ કેસમાં પોલીસે આરોપી નિવૃત્ત સૈનિકની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. આ કાજળું કંપાવી દેનારી ઘટના રંગારેડ્ડી જિલ્લાના મીરપેટ વિસ્તારમાં બની હતી. આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લાના રહેવાસી ગુરુ મૂર્તિ (૪૫) આર્મીમાંથી નિવૃત્ત થયા બાદ હૈદરાબાદમાં DRDOમાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતા હતા. તે મીરપેટની ન્યૂ વેંકટેશ્વર નગર કોલોનીમાં તેની પત્ની વેંકટ માધવી (૩૫) અને બે બાળકો સાથે રહેતો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ગુરુ મૂર્તિએ ૧૮ જાન્યુઆરીએ માધવીના પરિવારને તેના ગુમ થવા વિશે જાણ કરી.

# ટ્રમ્પે ફેડરલ એજન્સીઓને પણ ડિપોર્ટેશન પાવર આપ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઈલીગલ ઈમિગ્રન્ટ્સ પર સકંજો કસવાનું શરૂ કરી દીધું છે. પોતાના માસ ડિપોર્ટેશનના પ્લાનને સફળ બનાવવા માટે તેમણે હવે ફેડરલ એજન્સીઓને પણ ઈમિગ્રેશન ઓફિસર જેવો જ પાવર આપી દીધો છે. જે એજન્સીઓને તેમણે આ પાવર આપ્યા છે, તેમાં ડ્રગ્સ ઈન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન (DEA), ધ બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ એન્ડ એક્સપ્લોઝિવ્સ (ATF) અને ધ યુએસ માર્સલ્સ સર્વિસનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ATF અને DEA ઈમિગ્રેશન કેસમાં ત્યારે જ ઈન્વોલ્વ થતા હતા કે જ્યારે તે ગન અને ડ્રગ ટ્રાફિકિંગનો મામલો હોય. ઉલ્લેખનીય છે કે, FBI એજન્ટ્સ પણ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી શકે છે, પણ સામાન્ય રીતે તેઓ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો ન હોય તો તેમ કરવાથી દૂર રહે છે. એટલું જ નહીં, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા જ્યારે ઈમિગ્રન્ટ્સ પર રેડ પાડવામાં આવે ત્યારે અડચણ રૂપ બની શકે તેમ લાગતા હોય તેવા રાજ્યો




અને સ્થાનિક અધિકારીઓની તપાસ કરવાનો આદેશ પણ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે ફેડરલ પ્રોસિક્યુટર્સને આપ્યો છે. જસ્ટિસ ડિપાર્ટમેન્ટે કહ્યું કે, ઈલીગલ ઈમિગ્રન્ટ્સના ડિપોર્ટેશનમાં અડચણ ઊભી કરનારાને ક્રિમિનલ ચાર્જનો સામનો કરવો પડી શકે છે. આ પહેલા ટ્રમ્પ પોતાના માસ ડિપોર્ટેશનના પ્લાનને આગળ ધપાવવા મક્કમ હોવાનો સંકેત આપતા ICEના એજન્ટ્સને કોઈપણ જગ્યાએ રેડ પાડવાની મંજૂરી આપી ચૂક્યા છે. બાઈડનના સમયમાં ICEને ચર્ચ અને સ્કૂલ જેવી સંવેદનશીલ જગ્યાઓ પર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાની મનાઈ હતી, પરંતુ ટ્રમ્પે હવે આ પ્રતિબંધ ઉઠાવી લીધો છે. જેથી હવે અમેરિકામાં ઈલીગલી રહેતા લોકો ધરપકડથી બચવા ચર્ચ અને સ્કૂલોમાં છૂપાઈને બચી શકશે નહીં. આ ઉપરાંત ટ્રમ્પે પ્રમુખ પદ સંભાળ્યાના ત્રીજા દિવસે મેક્સિકો બોર્ડર પરથી થતી ઘુસણખોરીને સંપૂર્ણ બંધ કરવા માટે અને ડિપોર્ટેશનને પ્લાનને આગળ વધારવા માટે વધુ કેટલાક એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ પર સહી કરી છે. આ ઓર્ડરમાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીને અમેરિકાની દક્ષિણ સરહદથી ઘુસણખોરીને રોકવા જે કરવું પડે તે કરવા કહેવાયું છે. તેમજ ગત મંગળવારે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટને એ બાબતની મંજૂરી આપી હતી કે તે છેલ્લા બે વર્ષમાં ડોક્યુમેન્ટ્સ વિના અમેરિકામાં પ્રવેશેલા ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરી શકશે અને તેના માટે તેણે કોઈ કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવાની જરૂર નહીં પડે. બાઈડન સરકારે જે લોકો અસાયલમ માટે ક્વોલિફાય ન હોય તેમને બને તેટલા જલદી અમેરિકાથી બહાર કરવાની નીતિ અપનાવી હતી, પરંતુ ટ્રમ્પ ઈચ્છે છે કે, આવા લોકોને તાત્કાલિક હાંકી કાઢવામાં આવે. હાલમાં અમેરિકાની કોર્ટોમાં ઈમિગ્રેશનને લગતા ૩ મિલિયન જેટલા કેસોનો ભરાવો છે, ત્યારે આ નવા આદેશથી ઈમિગ્રેશન કોર્ટોને બાયપાસ કરીને ઈમિગ્રન્ટ્સન ડિપોર્ટ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોની સંખ્યા લગભગ ૭.૨૫ લાખ જેટલી છે, જેમના પર ડિપોર્ટેશનની તલવાર લટકી રહી છે. જોકે, જે મુજબ કહેવાઈ રહ્યું હતું કે, ટ્રમ્પ સત્તામાં આવતાની સાથે જ માસ ડિપોર્ટેશન શરૂ થઈ જશે, તેવું થયું નથી. પરંતુ ડિપોર્ટેશનની કાર્યવાહી ગમે ત્યારે શરૂ થઈ શકે છે. શિકાગો જેવા રાજ્યો કે જ્યાં સૌથી વધુ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ રહે છે, ત્યાં તો ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી જ મેટ્રો અને બસમાં ભીડ ઘટી ગઈ છે, કેમકે પકડાઈ જવાની બીકે ગેરકાયદે રહેતા લોકો ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. આગામી દિવસોમાં અમેરિકાના અન્ય કેટલાક રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી શકે છે.

### મની લોન્ડરિંગ કેસમાં સજા

## ઈન્ટરનેશનલ ક્રિપ્ટોવેન્ડરને ૧૦ વર્ષની સજા

**અનુરાગ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ કરન્સી વેન્ડર છે અને તે બે નામથી ઓપરેટ કરતો હતો**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાની એક કોર્ટે ભારતીય ક્રિપ્ટો વેન્ડર અનુરાગ પ્રમોદ મુરારકાને જેલી સજા ફટકારી છે. અનુરાગ ઈન્ટરનેશનલ વર્ચ્યુઅલ કરન્સી વેન્ડર છે અને તે બે નામથી ઓપરેટ કરતો હતો. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ગ્રેગરી વાન ટેટેનહોવ દ્વારા અનુરાગને મની લોન્ડરિંગ કોન્સ્પિરસી બદલ ૧૨૧ મહિનાની જેલી સજા ફટકારી છે. તાજેતરમાં રિલિઝ કરવામાં આવેલા કોર્ટ ડોક્યુમેન્ટ્સ પ્રમાણે ઓછામાં ઓછા એપ્રિલ ૨૦૨૧થી અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી અનુરાગ ઈન્ટરનેશનલ મની લોન્ડરિંગ બિઝનેસ ચલાવતો હતો. અનુરાગના મોટા ભાગના કસ્ટર્સ ક્રિમિનલ એક્ટિવિટીમાં સામેલ હતા. જોકે, અનુરાગ ચતુરાઈપૂર્વક પોતાનો આ બિઝનેસ ચલાવતો હતો. તે ઘણી વખત ડાર્ક નેટ માર્કેટપ્લેસ પર પોતાની સર્વિસની જાહેરાત આપતો હતો. હવે ગ્રાહકો તે જાહેરાતના જવાબમાં એક્રિપ્ટેડ મેસેજીસ દ્વારા



તેમનો સંપર્ક કરતા હતા અને એક્સચેન્જ રેટ અંગે નેગોશિયેશન કરતા હતા. એક વખત એક્સચેન્જ રેટ સેટ થઈ ગયા બાદ ભારતમાં સ્થિત અનુરાગ તેના ગ્રાહકોને ચોક્કસ ક્રિપ્ટોકરન્સી એડ્રેસ પર ક્રિપ્ટોકરન્સી મોકલવાનું કહેતો હતો. ત્યારબાદ અનુરાગે ભારતથી એક કોમ્પલેક્સ, પૂર્વઆયોજિત હવાલા ઓપરેશન દ્વારા અમેરિકામાં તેના કર્મચારીઓને કેશ પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. અનુરાગનું અમેરિકામાં અને વિદેશમાં કર્મચારીઓનું નેટવર્ક અનુરાગના હવાલા કનેક્શન્સ પાસેથી કેશ મેળવીને વિવિદ યુક્તિઓ અપનાવીને તે કેશ ગ્રાહકોને મોકલતા હતા. અનુરાગ પોતાની સર્વિસ માટે ફી વસૂલ કરતો હતો અને ફીનો એક ભાગ તેના કર્મચારીઓ અને આ કાવતરામાં તેને સાથ આપનારા લોકોને આપતો હતો. અનુરાગને ખબર હતી કે તેના ઘણા કસ્ટમર્સ ક્રિમિનલ એક્ટિવિટીમાં સામેલ છે. જેમાં ખાસ કરીને કમ્પ્યુટર હેકિંગ અને ડ્રગ ટ્રાફિકિંગમાં સામેલ છે. તેથી તે જાણતો હતો કે તેનો બિઝનેસ ઈલીગલ ક્ટિવિટીના સ્ત્રોતને છૂપાવવામાં મદદ કરશે. અને તેથી તે જાણતો હતો કે તેનો વ્યવસાય ગેરકાયદેસર પ્રવૃત્તિના સ્ત્રોતને છુપાવવામાં મદદ કરીને તે ગુનાહિત પ્રવૃત્તિને સરળ બનાવે છે. કુલ મળીને અનુરાગ અને તેના સાથીઓએ ૨૦ મિલિયન ડોલરથી વધુ ક્રિમિનલ આવકને લોન્ડર કરી હતી. જોકે, અંતે તેની આ ઈલીગલ પ્રવૃત્તિનો પર્દાફાશ થયો છે. FBI અને USPIS વચ્ચે સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી અને અનુરાગની ધરપકડ કરવામાં આવી હતી.

### ઈમેલ પાકિસ્તાનથી કરવામાં આવ્યો છે

## કપિલ સહિતના કલાકારોને મળી જાનથી મારવાની ધમકી

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

બોલીવુડ કલાકારો માટે ભારે સમય ચાલી રહ્યો છે તેવું લાગે છે. તાજેતરમાં જ સૈફ અલી ખાન પર ચાકુથી હુમલો થયો. આ ઘટનાને થોડા જ દિવસો થયા છે ત્યાં બોલીવુડના કેટલાક કલાકારોને ધ્યાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. કપિલ શર્મા સહિતના બોલીવુડના કલાકારોને ધમકી ભર્યો ઈમેલ આવ્યો છે જેના કારણે મુંબઈ પોલીસની ચિંતા વધી ગઈ છે. આ ઈમેલ પાકિસ્તાનથી કરવામાં આવ્યો છે જેમાં કલાકારોને ધ્યાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. ધમકીભર્યા ઈમેલના આ મામલાને પોલીસે ગંભીરતાથી લીધો છે અને તપાસ શરૂ કરી દીધી છે. મુંબઈ પોલીસ અનુસાર એક્ટર રાજપાલ યાદવ, કપિલ શર્મા, રેમો ડિસુઝા અને સુગંધા મિશ્રાને ધમકી ભર્યા ઈ-મેલ મળ્યા છે. આ ઈમેલમાં છેલ્લે બિષ્ણુ નામ લખેલું છે. ધમકી ભર્યો ઈમેલ મળ્યા પછી ત્રણ કલાકારોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે એફ.આઈ.આર નોંધીને તપાસ શરૂ કરી છે. જેમાં શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે ઈમેલ પાકિસ્તાનથી કરવામાં આવ્યો છે.



કલાકારોને જે ઈમેલ કરવામાં આવ્યા છે તેમાં ૮ કલાકની અંદર જવાબ દેવાનું કહેવામાં આવ્યું છે. મુંબઈ પોલીસે એક્ટર રાજપાલ યાદવની ફરિયાદ પર એફઆઈઆર નોંધી છે. સાથે જ કોમેડીયન સુગંધા મિશ્રા, કપિલ શર્મા અને કોરિયોગ્રાફર રેમોએ પણ ઈમેલથી ધમકી મળી હોવાની ફરિયાદ કરી છે. જે ઈમેલ કરવામાં આવ્યો છે તેમાં લખવામાં આવ્યું છે કે, તેઓ કલાકારોની બધી ગતિવિધિ પર નજર રાખી રહ્યા છે. આ ગંભીર બાબત છે જે કલાકારોએ સમજવી જરૂરી છે. ઈમેલમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, "આ કોઈ પબ્લિક સ્થિતિ સ્ટંટ નથી કે કોઈ ખોટી રીતે પરેશાન નથી કરી રહ્યું. ઈમેલમાં ધમકી આપવામાં આવી છે તે મેસેજને ધ્યાનથી વાંચો અને ગોપનીય રાખો. જો તમે આવું નહીં કરો તો તેની અસર પર્સનલ લાઈફ પર થશે."



નવી દિલ્હીમાં સંવિધાન સદનના સેન્ટ્રલ હોલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નેતાજી સુભાષ ચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

## ચા વેચનારએ અફવા ફેલાવી, લોકો ચાલુ ટ્રેનમાંથી કૂદી ગયા

। (એજન્સી) જલગાંવ, તા.૨૩ ।

મહારાષ્ટ્રના જલગાંવમાં ૨૨ જાન્યુઆરીના રોજ લખનઉથી મુંબઈ જઈ રહેલી પુષ્પક એક્સપ્રેસના મુસાફરો સાથે મોટો અકસ્માત થયો હતો. ટ્રેનમાં આગની અફવા ફેલાઈ હતી, જેના કારણે મુસાફરો ચિંતામાં મુકાઈ ગયા અને અચાનક ટ્રેનમાંથી ઉતરવા લાગ્યા હતા. આવી સ્થિતિમાં બાજુના ટ્રેક પર આવતી ટ્રેને ઘણા મુસાફરોને કચડી નાખ્યા હતા. આ ઘટનામાં ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. હવે આ મામલે દુર્ઘટના સમયે ટ્રેનમાં હાજર એક મુસાફરે જણાવ્યું કે ટ્રેનમાં આગની અફવા એક ચા વેચનાર દ્વારા ફેલાવવામાં આવી હતી. આ પછી ટ્રેનની અંદર અરાજકતાનો માહોલ સર્જાયો હતો. તેમજ ચા વેચનારએ પોતે જ ચેન ખેંચી હતી. જ્યારે ટ્રેન ધીમી થવા લાગી ત્યારે મુસાફરોએ પોતાનો જીવ બચાવવા માટે ટ્રેનમાંથી કૂદવાનું શરૂ કર્યું. પ્રત્યક્ષદર્શીએ વધુમાં જણાવ્યું હતું કે, કેટલાક લોકો જ્યાંથી બેંગ્લોર એક્સપ્રેસ પસાર થઈ રહી હતી તે ટ્રેક પર કૂદી પડ્યા હતા અને કચડાઈને મૃત્યુ પામ્યા હતા. સેંકડો લોકો બીજી બાજુ કૂદી પડ્યા હતા.

### ટ્રમ્પે સાઉદી અરેબિયા સામે એક મોટી શરત રાખી

## ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયાને આપી એક એવી ઓફર કે મચ્યો ખળભળાટ

**અમેરિકી પ્રોડક્ટ્સ ખરીદશે તો તેઓ સૌથી પહેલા સાઉદી અરેબિયાના પ્રવાસે જશે**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયાને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, તેમના બીજા કાર્યકાળમાં તેઓ સૌથી પહેલા સાઉદી અરેબિયાના પ્રવાસે જઈ શકે છે, પરંતુ તેના બદલામાં તેમની એક શરત છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો સાઉદી અરેબિયા ૪૫૦થી ૫૦૦ અરબ ડોલરની અમેરિકી પ્રોડક્ટ્સ (અમેરિકાનો સામાન) ખરીદશે તો તેઓ સૌથી પહેલા સાઉદી અરેબિયાના પ્રવાસે જશે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, વર્ષ ૨૦૧૭માં જ્યારે તેઓ સાઉદી અરેબિયાના પ્રવાસે ગયા હતા, ત્યારે પણ સાઉદી અરેબિયાએ મોટા પાયે અમેરિકન સામાનની ખરીદી કરી હતી. પત્રકારોના સવાલનો આપ્યો જવાબ - સોમવારે શપથગ્રહણ બાદ પત્રકારોના સવાલનો જવાબ આપતા ડોનાલ્ડ ટ્રમ્પે આ વાત કહી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આમ તો અમેરિકાના રાષ્ટ્રપતિ સૌથી પહેલા સત્તાવાર વિદેશ પ્રવાસે બ્રિટન જાય



છે, પરંતુ હું મારી પહેલી સરકાર વખતે સૌથી પહેલા સાઉદી અરેબિયાના પ્રવાસે ગયો હતો, કારણ કે સાઉદી અરેબિયા ૪૫૦ અરબ ડોલરની અમારી પ્રોડક્ટ્સ ખરીદવા માટે રાજી થઈ ગયું હતું. અમારા દેશનો સામાન ખરીદો, હું સાઉદી અરેબિયાના પ્રવાસે આવીશ - ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, "મેં તેમને કહ્યું હતું કે જો તમે એવું ઈચ્છો છો કે હું સૌથી પહેલા સાઉદી અરેબિયાના વિદેશ પ્રવાસે આવું તો તમારે અમારા દેશનો સામાન ખરીદવો પડશે (અમેરિકન પ્રોડક્ટ્સ ખરીદવી પડશે), જે બાદ સાઉદી અરેબિયા સામાન ખરીદવા રાજી થઈ ગયું હતું અને તેણે ૪૫૦ બિલિયન ડોલરની અમેરિકન પ્રોડક્ટ્સ ખરીદી હતી. જોકે, હવે મને ખબર નથી કે સાઉદી અરેબિયા ફરી એકવાર આટલો અમેરિકી સામન ખરીદશે કે નહીં. પરંતુ મને એવું લાગી રહ્યું છે કે મારી સત્તાવાર પહેલી વિદેશ યાત્રા ત્યાંની જ હોઈ શકે છે. આપને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની કમાન સંભાળ્યા બાદ તેઓ તેમના પહેલા સત્તાવાર વિદેશ પ્રવાસે સાઉદી અરેબિયા ગયા હતા. તેમના આ નિર્ણયે અમેરિકી રાષ્ટ્રપતિઓ સાથે જોડાયેલી એક પરંપરાને બદલી નાખી હતી. તે સમયે પહેલીવાર આવું થયું હતું, જ્યારે કોઈ અમેરિકી રાષ્ટ્રપતિ તેમના કાર્યકાળના પહેલા વિદેશ પ્રવાસે કોઈ ખાડી દેશમાં ગયા હોય. ડોનાલ્ડ ટ્રમ્પે આ યાત્રા દરમિયાન સાઉદી અરેબિયા સાથે હથિયારોની મોટી ડીલ પણ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પની સાઉદી અરેબિયા સાથે આ ડીલ ૧૧૦ અરબ ડોલરની હતી.

### માનસિક અને શારીરિક રીતે પ્રતાડિત કરવામાં આવી

## યુવતીએ લગ્નની પહેલી રાતે વર્જિનિટી ટેસ્ટ કરવાની કુપ્રથા વિરુદ્ધ કોર્ટના શરણે

**યુવતીનો આરોપ છે કે, લગ્નની રાત્રે તેના સાસરિયાવાળાઓ તેની વર્જિનિટી ચેક કરવા માટે ખોટી રીત અપનાવી હતી**

। (એજન્સી) ઈન્દોર, તા.૨૩ ।

ઈન્દોરના બાણગંગા વિસ્તારમાં રહેતી એક યુવતીએ લગ્નની પહેલી રાત વર્જિનિટી ટેસ્ટ કરવાની કુપ્રથા વિરુદ્ધ કોર્ટના શરણે પહોંચી ગઈ. યુવતીનો આરોપ છે કે, લગ્નની રાત્રે તેના સાસરિયાવાળાઓ તેની વર્જિનિટી ચેક કરવા માટે ખોટી રીત અપનાવી. જેનાથી તેને માનસિક અને શારીરિક રીતે પ્રતાડિત કરવામાં આવી. હકીકતમાં જોઈએ તો, ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ભોપાલના એક યુવકના લગ્ન ઈન્દોરની એક યુવતી સાથે થયા હતા. સુહાગરાત પર બેડશીટ પર લોહી ન દેખાયું તો સાસરિયાવાળાઓએ તેના ચરિત્ર પર શંકા કરવા લાગ્યા. પીડિતાના પતિએ પણ તેનો સાથ આપ્યો નહોતો. સાસુએ પાડોશીની છોકરીને બોલાવીને બેડશીટ પર લોહી ન હોવાનું કારણ પૂછ્યું હતું. આ મામલો ઈન્દોર જિલ્લાની કોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં કોર્ટે આ મામલે સંજ્ઞાન લેતાં સાસરિયાવાળા વિરુદ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો છે. આ ઘટનાએ સમાજમાં



ફેલાયેલી ગંભીર કુરિવાજો પર સવાલો ઊભા કરે છે. પીડિતાના લગ્ન ડિસેમ્બર ૨૦૧૯માં ભોપાલમાં એક યુવક સાથે થયા હતા. લગ્ન બાદ તેને ગર્ભપાત અને મૃત બાળકીને જન્મ આપવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. હાલમાં પીડિતાને એક દીકરી પણ છે. મહિલાની ફરિયાદ બાદ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની તપાસમાં એ ખુલાસો થયો કે લગ્નની પહેલી રાત્રે તેના સાસરિયાવાળાઓએ વર્જિનિટી ચેક કરવા માટે અમાનવીય રીત અપનાવી હતી. પીડિતાનો આરોપ છે કે દહેજ માટે પણ તેના પર અત્યાચાર કરવામાં આવ્યો છે. કોર્ટે આ મામલામાં મહિલા ઉત્પીડનનો ગંભીર મામલો નોંધતાં કાર્યવાહી શરૂ કરી દીધી છે.

## તંત્રી લેખ...

### અદાર પૂનાવાલાએ કહ્યું હદથી વધારે કામ કરવું અયોગ્ય

ભારતમાં કામના કલાકો અંગે વિવાદ ચાલુ છે. આ બધા વચ્ચે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું છે કે માનવ ઉત્પાદકતા ૮-૯ કલાકથી વધુ ન હોઈ શકે. તેમણે એમ પણ કહ્યું કે કાર્ય-જીવન સંતુલન જાળવવું મહત્વપૂર્ણ છે. તેમણે આ નિવેદન લાર્સન એન્ડ ટુબ્રો (L&T) ના ચેરમેન એસએન સુબ્રમણ્યમ દ્વારા અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવા અંગે આપેલા નિવેદનના જવાબમાં આપ્યું છે. ઉલ્લેખનીય છે કે સુબ્રમણ્યમને એવો અફસોસ વ્યક્ત કર્યો હતો કે તેઓ રવિવારે પણ પોતાના કર્મચારીઓને કામ કરાવી શકતા નથી. પૂનાવાલાએ કહ્યું, "મેન પ્રોડક્ટિવીટી ૮-૯ કલાકથી વધુ ન હોઈ શકે. તમે દરરોજ વધારે પડતું કરી શકતા નથી. સોમવારથી રવિવાર સુધી તમે ફક્ત ઓફિસના કામ નથી કરાવી શકતા. તે થોડું અવ્યવહારુ છે." તેમણે કામ અને અંગત જીવન વચ્ચે સંતુલન જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. એસએન સુબ્રમણ્યમના નિવેદન પછી વિવાદ શરૂ થયો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે કર્મચારીઓ ઘરે બેસીને શું કરશે? તેમણે એ પણ કહ્યું, 'તમે તમારી પત્નીને કેટલા સમય સુધી જોતા રહેશો? ઓફિસ જાઓ અને કામ કરો.' અગાઉ ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ પણ ૭૦ કલાકના વર્ક વીકને ટેકો આપ્યો હતો. તેમણે ભારતીય કાર્યબળને વધુ કલાકો સુધી કામ કરવાની અપીલ કરી હતી જેથી ભારત વૈશ્વિક સ્તરે તેની સંપૂર્ણ ક્ષમતાનો અનુભવ કરી શકે. તેનાથી વિપરીત, પૂનાવાલાએ વર્ક લાઈફ બેલેન્સના મહત્ત્વ પર ભાર મૂક્યો. "આ લોકો સમજે છે કે સખત મહેનત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, તેના પર કોઈ ચર્ચા નથી," તેમણે કહ્યું. પરંતુ અલબત્ત, તમારે સામાજિક જીવન અને જીવન સંતુલનની પણ જરૂર છે જેથી તમે તાજગી સાથે કામ પર પાછા આવી શકો અને ઉત્પાદક બની શકો. પૂનાવાલાએ એમ પણ કહ્યું કે લોકોને મળવું અને સંબંધો બનાવવા એ સરકારી અધિકારીઓ સાથે નેટવર્કિંગ અથવા ઓફિસ સમયની બહાર જેટલું જ મહત્વપૂર્ણ છે. જોકે, પૂનાવાલાએ એમ પણ કહ્યું કે આ સંતુલન વ્યક્તિની કારકિર્દીની સફર અને તે કયા તબક્કામાં છે તેના પર આધાર રાખે છે. તેમણે કહ્યું, "જો તમે ઉદ્યોગસાહસિક છો અને તમે વ્યવસાય બનાવી રહ્યા છો, તો તમારે સખત મહેનત કરવી પડશે. જે કંઈ કરવાનું હોય, તે કરવું જોઈએ.

### (INCOIS), હૈદરાબાદને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર- ૨૦૨૫ માટે પસંદ કરવામાં આવ્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત સરકારે આપત્તિ વ્યવસ્થાપનનાં ક્ષેત્રમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા અમૂલ્ય યોગદાન અને નિઃસ્વાર્થ સેવાને માન્યતા આપવા અને તેમનું સન્માન કરવા માટે સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કારની સ્થાપના કરી છે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહનાં માર્ગદર્શન હેઠળ દેશે આપત્તિ નિવારણની પદ્ધતિઓ, સજ્જતા, શમન અને પ્રતિભાવ પ્રણાલીમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, જેના પરિણામે કુદરતી આફતો દરમિયાન જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસીસ (આઈએનસીઓઆઈએસ)ની પસંદગી ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે ઈન્સ્ટિટ્યૂશનલ કેટેગરીમાં સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર -૨૦૨૫ માટે કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત સરકારે આપત્તિ વ્યવસ્થાપનનાં ક્ષેત્રમાં ભારતમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા અમૂલ્ય પ્રદાન અને નિઃસ્વાર્થ સેવાને માન્યતા આપવા અને તેમનું સન્માન કરવા માટે સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર તરીકે ઓળખાતો વાર્ષિક પુરસ્કાર શરૂ કર્યો છે. આ પુરસ્કારની જાહેરાત દર વર્ષે ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની જયંતી પર કરવામાં આવે છે. આ પુરસ્કારમાં સંસ્થાનાં મામલામાં ૫૧ લાખ રૂપિયાનું રોકડ ઇનામ અને એક પ્રમાણપત્ર અને કોઈ વ્યક્તિનાં કિસ્સામાં ૫ લાખ રૂપિયા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહનાં માર્ગદર્શન હેઠળ દેશે આપત્તિ વ્યવસ્થાપન પદ્ધતિઓ, સજ્જતા, શમન અને પ્રતિભાવ પ્રણાલીમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, જેના પરિણામે કુદરતી આપત્તિઓ દરમિયાન જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ-૨૦૨૫નાં એવોર્ડ માટે ૧ જુલાઈ, ૨૦૨૪થી નામાંકન મંગાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૫ માટેની આ એવોર્ડ યોજનાનો પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા દ્વારા બહોળો પ્રચાર કરવામાં આવ્યો હતો. એવોર્ડ યોજનાનાં પ્રતિસાદરૂપે, સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી ૨૯૭ નામાંકન પ્રાપ્ત થયા હતા. આપત્તિ વ્યવસ્થાપનનાં ક્ષેત્રમાં ૨૦૨૫ એવોર્ડ વિજેતાની ઉત્કૃષ્ટ કામગીરીનો સારાંશ: ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈન્ફોર્મેશન સર્વિસીસ (INCOIS)ની સ્થાપના વર્ષ ૧૯૯૯માં હૈદરાબાદ, તેલંગાણામાં થઈ હતી. INCOIS ભારતની આપત્તિ વ્યવસ્થાપન વ્યૂહરચનાનું અભિન્ન અંગ છે. જે સમુદ્ર-સંબંધિત જોખમો માટે પ્રારંભિક ચેતવણીઓમાં નિષ્ણાત છે. તેણે ઈન્ડિયન સુનામી અર્લી વોર્નિંગ સેન્ટર (ITEWC)ની સ્થાપના કરી હતી. જે ભારત અને હિંદ મહાસાગરનાં ૨૮ દેશોને સેવા પૂરી પાડતી ૧૦ મિનિટની અંદર સુનામી એલર્ટ પ્રદાન કરે છે. તેને UNESCO દ્વારા ટોચનાં સુનામી સર્વિસ પ્રોવાઈડર તરીકે માન્યતા આપવામાં આવી છે. સિસ્મિક સ્ટેશનો, ટાઈડ ગેજ અને અન્ય દરિયાઈ સેન્સર્સનાં નેટવર્ક દ્વારા સમર્થિત તે હાઈ-વેવ, સાયક્લોન અને સ્ટોર્મ સર્જની આગાહી પણ પૂરી પાડે છે. જે દરિયાકાંઠાનાં વિસ્તારો અને દરિયાઈ કામગીરીની સુરક્ષા કરવામાં મદદ કરે છે. INCOIS ૨૦૧૩નાં ફૈલિન અને ૨૦૧૪નાં હુદહુદ ચક્રવાત દરમિયાન સલાહો સાથે સહાય કરી હતી. જેના કારણે સમયસર સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું અને દરિયાકાંઠાની વસ્તી માટેનાં જોખમોમાં ઘટાડો થયો હતો. INCOIS માટે દરિયામાં ખોવાયેલી વ્યક્તિઓ કે ચીજવસ્તુઓને શોધવામાં ભારતીય તટરક્ષક દળ, નૌકાદળ અને તટીય સુરક્ષા પોલીસની સહાયતા માટે સર્ચ એન્ડ રેસ્ક્યૂ એડેડ ટૂલ (SARAT) વિકસાવ્યું છે. INCOIS એ SynOPS વિઝ્યુલાઈઝેશન પ્લેટફોર્મની પણ સ્થાપના કરી છે. જે આત્યંતિક ઘટનાઓ દરમિયાન પ્રતિભાવ સંકલનને મજબૂત કરવા માટે રીઅલ-ટાઈમ ડેટાને સંકલિત કરે છે. INCOISને ૨૦૨૪માં જીઓસ્પેશીયલ વર્લ્ડ એક્સેલન્સ ઈન મેરિટાઈમ સર્વિસીસ એવોર્ડ અને ૨૦૨૧માં ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એક્સેલન્સ એવોર્ડ મળ્યો હતો.

આપણા મહાપુરુષોએ કહ્યું છે કે "કામી તારે ક્રોધી તારે, લોભી કી ગતિ નહિ" એટલે કે વાસનાની મુક્તિ શક્ય છે

# સાચા માણસો એકલા પડતા નથી પણ એમને એકલા પાડવામાં આવે છે જેથી જુઠા માણસો પોતાનું ધાર્યું કામ પાર પાડી શકે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આપણા શાસ્ત્રોમાં લોભને તમામ પાપી વૃત્તિઓનું મૂળ માનવામાં આવે છે, અતિશય લોભના કારણે રાવણે લંકાનો વિનાશ કર્યો અને અતિશય લોભના કારણે દુર્યોધને કુરુ વંશનો વિનાશ કર્યો, લોભએ અહંકાર કરતા પણ ખરાબ છે.**

વિદ્યાર્થી જીવનમાં પરિશ્રમ જરૂરી છે. જીવનમાં લક્ષ અને પરિશ્રમ બહુ અગત્યના છે. કોઈ લક્ષ વગરની જિંદગી નકામી તેમ લક્ષ નક્કી કર્યા પછી તેને સિદ્ધ કરવા માટે પરિશ્રમ જરૂરી છે જ. પતંગોત્સવ અને અન્ય આનંદ માણ્યા પછી હવે જે સમય વિત્યો તેને ભૂલી આજથી જ તનતોડ મહેનત કરી સિધ્ધિ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા. વિશ્વના મહાન લોકો ફક્ત એટલા માટે જ સફળ થઈ શક્યા કારણ કે તેઓ દરેક ક્ષણે તેમના હેતુ અને સંકલ્પમાં વ્યસ્ત રહ્યા. હંમેશા તમારા ધ્યેયો વિશે જાગૃત રહો. આવતીકાલ માટે ક્યારેય કાર્યો મુલતવી રાખશો નહીં. સમય સાનુકૂળ ન હોય તો પણ તમારું કામ કરવાનું બંધ ન કરો. જો તમે કોઈ પણ કામ કરો છો તો તમને વિજય કે પરાજય મળી શકે છે, પરંતુ જો તમે કોઈ કાર્ય ન કરો તો તમને હાર જ મળી શકે છે. ભાગ્ય પણ માણસના પ્રયત્નો સામે પરિણામ આપવાની ફરજ પાડે છે. દરેક પુષ્પ માણસ એક સમયે રડતું બાળક હતું. દરેક ભવ્ય ઈમારત એક સમયે સફેદ કાગળ પર માત્ર એક કાલ્પનિક હતી. આજે તમે ક્યાં છો તેનાથી કોઈ ફરક પડતો નથી? આવતી કાલે તમે શું બનવા માંગો છો તે મહત્વનું છે? ભગીરથ ગંગાજીને દેવલોકમાંથી પૃથ્વી પર લાવ્યા હતા.સમય બગાડો નહીં,તમારા પ્રયત્નો ચાલુ રાખો,સફળતા ખુલ્લા હાથેતમારું સ્વાગત કરવા રાહ જોઈ રહી છે. આપણા શાસ્ત્રોમાં લોભને તમામ પાપી વૃત્તિઓનું મૂળ માનવામાં આવે છે.અતિશય લોભના



કારણે રાવણે લંકાનો વિનાશ કર્યો અને અતિશય લોભના કારણે દુર્યોધને કુરુ વંશનો વિનાશ કર્યો. લોભએ અહંકાર કરતા પણ ખરાબ છે કારણ કે જ્યારે અહંકાર આવે છે ત્યારે વ્યક્તિ સંબંધો તોડી નાખે છે,પરંતુ જ્યારે વ્યક્તિ લોભના પ્રભાવમાં હોય છે ત્યારે વ્યક્તિ સંબંધોને લોહી વહેવડાવી દે છે. આપણા મહાપુરુષોએ કહ્યું છે કે "કામી તારે ક્રોધી તારે,લોભી કી ગતિ નહિ" એટલે કે વાસનાની મુક્તિ શક્ય છે, ક્રોધી વ્યક્તિની મુક્તિ પણ શક્ય છે પણ લોભીને કોઈ ગતિ નથી એટલે કે તે હંમેશા ભટકતો જ રહેશે. આપણે જીવતા હોઈએ ત્યારે લોભ આપણને ભટકાવે છે એટલું જ નહીં પણ મૃત્યુ પછીના દુન્યવી બાબતોમાં પણ આપણને ખોટે માર્ગે લઈ જાય છે. જીવનમાં એક વાત યાદ રાખો કેજે વ્યક્તિ લોભ થી બચી જાય છે તે અનેક પાપી કાર્યોથી પણ પોતાને બચાવે છે. દુનિયાની અપેક્ષાઓ સાથે કરવા માં આવતી કોઈપણ સેવા એકયા બીજા દિવસે નિરાશાનું કારણ બને છે. જીવનમાં તક મળે તો દરેકની સેવા કરો પરંતુ કોઈની પાસેથી અપેક્ષા ન રાખો કારણ કે સેવાની સાચી કિંમત ભગવાન જ આપી શકે છે, મનુષ્ય નહીં. ભલે આ દુનિયા સેવાની કિંમત ચૂકવે, પણ સમજો કે તે સેવા ન હોઈ શકે. સેવા એવી વસ્તુ નથી કે જેને ખરીદી કે વેચી શકાય. સેવાએ પુણ્ય કમાવવાનું સાધનછે કીર્તિ મેળવવાનું નહીં. અપેક્ષા વિના સેવા કરવી એ આપણા જીવનની શ્રેષ્ઠ સ્થિતિ છે. દુનિયાની નજરમાં આદર પામવો એ મોટી વાત નથી, ભગવાનની નજરમાં આદર પામવો એ મોટી વાત છે. સુદામાજીના સેવા પ્રત્યેના સમર્પણનું આનાથી વધુ સારું પરિણામ શું હોઈ શકે?જે ઠાકુરો માટે દુનિયા ચાલે છે તે સુદામાજી માટે દોડ્યા. સેવા કરતા રહો, એક દિવસ તમને ભગવાનના હાથમાંથી ચોક્કસ ઈનામ મળશે. જીવનમાં એવો કોઈ અવરોધ નથી કે જેમાંથી પ્રેરણા ન લઈ શકાય. દુઃખમાં સુખ શોધવું, નુકસાનમાં લાભ શોધવો અને પ્રતિકૂળતામાં પણ તક શોધવી તેને હકારાત્મક અભિગમ કહેવાય છે. જીવનમાં એવું કોઈ મોટું દુઃખ નથી કે જ્યાંથી સુખનો પડછાયો ન દેખાય. તમે રસ્તા પર પડેલા પથ્થરોનેપણ અવરોધો માની શકો છો અને જો તમે ઈચ્છો તો તે પથ્થરો ને સીડી બનાવીને ઉપર ચઢી શકો છો. માત્ર એવા લોકો જ જીવનનો આનંદ માણી શકે છે જેમની વિચારવાની રીત સકારાત્મક છે. આ દુનિયામાં લોકો દુઃખી એટલા માટે નથી કે તેમની પાસે કોઈ વસ્તુની ઉણપ છે પરંતુ તેમની વિચારવાની રીત નકારાત્મક છે. જો તમે નકારાત્મક રીતે વિચારશો તો તમારી પાસે જે છે તેમાં તમે નાખુશ રહેશો અને જો તમે સકારાત્મક વિચારશો તો તે તમને મુશ્કેલીઓમાં પણ જીવવાની શક્તિ આપશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે કેટલીક વિધાર્થીઓ લક્ષી વાતો જોઈ પરીક્ષાનો સમય શરૂ થયો છે ત્યારે વિધાર્થીઓ આ ઉત્તમ સમયને ઓળખી પરિશ્રમ કરશો તો અખી જીંદગી એક ઉમદા સફર જેવી બની જશે બાકી તો ગધ્ધા મજૂરી જેવી જીંદગી જીવવા મજબુર બનવું પડશે. છેલ્લે વિદ્યાર્થી મિત્રો સમય બગાડો નહી તમારા પ્રયત્નો ચાલુ રાખો સફળતા ખુલ્લા હાથે તમારું સ્વાગત કરવા રાહ જોઈ રહી છે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

ભાગવતપ્રદર્શનએભગવાનવાસુદેવકૃષ્ણનાં૧૨ભાગવતોનીલીલાઓ, અવતારોઅનેવાર્તાઓપરકેન્દ્રિત૭૫લઘુચિત્રચિત્રોનીશ્રેણીછે

# મહાકુંભ ૨૦૨૫: કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે અલ્હાબાદ મ્યુઝિયમમાં 'ભાગવત' પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું

**કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે કુંભ ભારતનાં ભવ્ય સ્વરૂપની ઝાંખી કરાવે છે, તે તમામ ધાર્મિક માન્યતાઓ, પૂજા, શ્રદ્ધા અને સાંસ્કૃતિક વિચારધારાનાં લોકોને એક જ સ્થળે એકસાથે લાવે છે, જે લોકો આઝાદી પહેલાનાં સમયમાં વિવિધ શાસકોનાં શાસનમાં ભારતનાં જુદા જુદા ભાગોમાં વિભાજનની વાત કરે છે, તેમના માટે કુંભ ભારતની એકતાનો સનાતન પુરાવો છે.**








કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ગઈકાલે અલ્હાબાદ મ્યુઝિયમમાં લઘુચિત્રો પર આધારિત ભાગવત પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, દરેક વ્યક્તિ મહાકુંભનાં પવિત્ર અને દિવ્ય પ્રસંગને વધારે ભવ્ય અને અદ્વિતીય બનાવવા પ્રયાસરત છે. પ્રયાગરાજનાં આ ઐતિહાસિક સંગ્રહાલય દ્વારા તૈયાર કરવામાં આવેલું 'ભાગવત' પ્રદર્શન આ વિશેષ અવસરને શણગારવાનો એક સાર્થક પ્રયાસ છે. દરેકનાં સામૂહિક પ્રયાસથી જ આ અપ્રતિમ કુંભ દિવ્ય અને ભવ્ય બની રહ્યો છે. મ્યુઝિયમ પરિસરમાં સ્થિત શહીદ ચંદ્રશેખર આઝાદની પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ કેન્દ્રીય મંત્રીએ 'ભાગવત' પ્રદર્શનનું અવલોકન કર્યું હતું. તેમણે મ્યુઝિયમની ટીમને આ સુંદર વ્યવસ્થા માટે અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, આ લઘુચિત્રો વિશ્વ, પરલોક, સમાજ, કળા અને સંસ્કૃતિનું એકસાથે પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રદર્શનમાં સંગ્રહાલયનાં સમૃદ્ધ સંગ્રહને કુંભ પરંપરા અને ભગવાન રામ અને કૃષ્ણનાં ચરિત્ર સાથે જોડવામાં આવ્યું છે. શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે વધુમાં જણાવ્યું હતું કે, મહાકુંભનાં પવિત્ર અને દિવ્ય અવસરને વધુ ભવ્ય અને અનન્ય બનાવવા માટે સૌ કોઈ પ્રયાસ કરી રહ્યા છે. પ્રયાગરાજનાં આ ઐતિહાસિક સંગ્રહાલય દ્વારા તૈયાર કરવામાં આવેલું 'ભાગવત' પ્રદર્શન આ અસાધારણ અવસરને શણગારવાનો એક સાર્થક પ્રયાસ છે. આ પ્રદર્શનનાં માધ્યમથી મહાકુંભનું આધ્યાત્મિક મહત્વ અને ભગવાન રામ સાથે જોડાયેલી વાતોને પ્રદર્શિત કરવામાં આવે છે. આ પ્રદર્શન આપણા દેશમાં હાજર કલાની ઉંડાઈને સમજવાની તક આપે છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે કુંભ ભારતનાં ભવ્ય સ્વરૂપની ઝાંખી કરાવે છે. તે તમામ ધાર્મિક માન્યતાઓ, પૂજા, શ્રદ્ધા અને સાંસ્કૃતિક વિચારધારાનાં લોકોને એક જ સ્થળે એકસાથે લાવે છે. જે લોકો આઝાદી પહેલાનાં સમયમાં વિવિધ શાસકોનાં શાસનમાં ભારતનાં જુદા જુદા ભાગોમાં વિભાજનની વાત કરે છે. તેમના માટે કુંભ ભારતની એકતાનો સનાતન પુરાવો છે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, મહાકુંભ દરમિયાન કલા ગ્રામમાં 'શાશ્વત કુંભ' નામનું પ્રદર્શન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેમાં કુંભે કેવી રીતે દેશને એકતાંતણે બાંધવાનું કામ કર્યું છે તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનાં ઉદ્ઘાટન બાદ કેન્દ્રીય મંત્રીએ પ્રદર્શન સૂચિનું વિમોચન પણ કર્યું હતું. આ પછી તેમણે આઝાદ પથ, શિલ્પ કલા ગેલેરી અને ટેરાકોટા આર્ટ ગેલેરીની મુલાકાત લીધી હતી. સંગ્રહાલય નિયામક શ્રી રાજેશ પ્રસાદે મ્યુઝિયમનાં સમૃદ્ધ ઈતિહાસ અને સંગ્રહનાં મહત્વ વિશે માહિતી પ્રદાન કરી હતી. કેન્દ્રીય મંત્રીએ સંગ્રહાલયનાં પ્રકાશનો, ત્રિમાસિક સામયિક 'વિવિધ' અને સંગ્રહાલય પ્રવેશ માટે વિશેષ મહાકુંભ ટિકિટનું વિમોચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મ્યુઝિયમનાં તમામ અધિકારીઓ સહિત શહેરનાં પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહાકુંભ ૨૦૨૫: નમામિ ગંગે પેવેલિયન બન્યું ગંગા સંરક્ષણ અને જાગૃતિનું કેન્દ્ર

**ડિજિટલ પ્રદર્શન મારફતે મુલાકાતીઓને ગંગાની સ્વચ્છતા અને સંરક્ષણ માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસોનો અનુભવ કરાવવામાં આવ્યો**

પ્રયાગરાજમાં નમામિ ગંગે મિશન દ્વારા સ્થાપિત નમામિ ગંગે પેવેલિયન મહાકુંભ-૨૦૨૫માં દરરોજ નોંધપાત્ર સંખ્યામાં મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે. આ મંડપ ગંગા નદી માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સ્વચ્છતા અને સંરક્ષણનાં પ્રયાસો અંગે જાગૃતિ ફેલાવવા માટેનું એક નવીન માધ્યમ બની ગયું છે. મંડપની શરૂઆત અરસપરસ જૈવવિવિધતા ટનલથી થાય છે જે મુલાકાતીઓને ગંગાની જૈવવિવિધતા અને કુદરતી સૌંદર્યનો અનુભવ પ્રદાન કરે છે. આધુનિક પ્રોજેક્શન ટેકનોલોજીથી સજ્જ આ ટનલ ગંગા કિનારે વસતા પક્ષીઓનાં કલરવને પ્રદર્શિત કરે છે અને જીવનદાતા ગંગાનાં મહત્વને ઉજાગર કરે છે. મુખ્ય આકર્ષણ: ડિજિટલ પ્રદર્શન, પેવેલિયનનું મુખ્ય આકર્ષણ ડિજિટલ પ્રદર્શન છે, જે ગંગાની સ્વચ્છતા અને સંરક્ષણ માટેનાં વિવિધ પ્રયાસોને આકર્ષક અને શૈક્ષણિક રીતે રજૂ કરે છે. બીજી વિશેષતા પ્રયાગ પ્લેટફોર્મ છે, જે ગંગા-યમુના નદીઓ અને તેમની સહાયક નદીઓ પર વાસ્તવિક સમયનો ડેટા પ્રદર્શિત કરે છે. આ પ્લેટફોર્મ પાણીનાં સ્તર, સ્વચ્છતા અને પ્રદૂષણ સંબંધિત આંકડાઓ વિશે માહિતી પ્રદાન કરે છે. ગંગાની સ્વચ્છતા માટે સરકારનાં પ્રયાસો પર પ્રકાશ પાડ્યો, મંડપમાં રિવરફ્રન્ટનાં વિકાસ અને ગંગાનાં કાંઠે ગટરનાં શુદ્ધિકરણ પ્લાન્ટની કામગીરી પણ દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન મુલાકાતીઓને એ સમજવામાં મદદ કરે છે કે ગંગાની સ્વચ્છતા જાળવવા માટે સરકાર અને સંસ્થાઓ કેવી રીતે તકનીકી અને માળખાકીય પ્રયત્નો કરી રહી છે. આ પેવેલિયનમાં ડોલ્ફિન, કાચબા, મગર અને માછલી જેવા ગંગામાં જોવા મળતા જીવોની પ્રતિકૃતિઓ છે. આ પહેલ શૈક્ષણિક સાબિત થઈ રહી છે, ખાસ કરીને બાળકો અને યુવાનો માટે, જે તેમને ગંગાની જૈવવિવિધતા અને તેના સંરક્ષણનાં મહત્વને સમજાવે છે. આ પ્રદર્શનમાં નેશનલ બુક ટ્રસ્ટ (NBT) દ્વારા સ્થાપિત એક વિશેષ રીડિંગ કોર્નર પણ રજૂ કરવામાં આવ્યો છે, જ્યાં ગંગા, મહાકુંભ, સામાજિક નીતિઓ અને રાષ્ટ્રીય ગૌરવને લગતા પુસ્તકોનો સંગ્રહ ઉપલબ્ધ છે. આ ખૂણો ગંગાનાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ વિશે જાણવામાં રસ ધરાવતા લોકો માટે વિશેષ આકર્ષણ છે. ગણપતિ પ્રતિમા ભાવનાત્મક જોડાણને મજબૂત કરે છે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેસ્ટ મેનેજમેન્ટ, ગંગા ટાસ્ક ફોર્સ અને આઈઆઈટી દિલ્હી જેવી સંસ્થાઓ ગંગાની લુપ્તપ્રાય પ્રજાતિઓનાં સંરક્ષણ, જનજાગૃતિ અને કચરાનાં વ્યવસ્થાપન અંગેની માહિતી વહેંચી રહી છે. આ માહિતી ગંગાનાં મહત્વ પર ભાર મૂકવામાં અને લોકોમાં જાગૃતિ લાવવામાં મદદ કરી રહી છે.

## જ્હોન અબ્રાહમની વધુ એક પોલિટિકલ થ્રિલર ફિલ્મ 'ડિપ્લોમેટ' માર્ચમાં રિલીઝ થશે





### એક્શન થ્રિલર ફિલ્મો તરફથી પોલિટિકલ થ્રિલર ફિલ્મો વધારે પ્રમાણમાં કરતો થયો



જ્હોન અબ્રાહમ ધીરે ધીરે એક્શન થ્રિલર ફિલ્મો તરફથી હવે પોલિટિકલ થ્રિલર ફિલ્મો વધારે પ્રમાણમાં કરતો થયો છે. જોકે, તેની ફિલ્મોમાં એક્શનનું એલિમેન્ટ તો હોય જ છે. હવે તેની નવી પોલિટિકલ થ્રિલર ફિલ્મ આવી રહી છે. શુક્રવારે તેનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે અને માર્ચ મહિનામાં આ ફિલ્મ રિલીઝ થશે. આ પોસ્ટરમાં જ્હોન ડાર્ક કલરનું સૂટ પહેરેલો જોવા મળે છે. જ્હોન તેમાં એક ઉચ્ચ સનદી અધિકારીના રોલમાં જોવા મળશે તેવી ચર્ચા છે. આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારીત હોવાની પણ ચર્ચા છે, જેણે દેશ પર બહુ મોટી અસર કરી હતી. જ્હોને શુક્રવારે પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યુ હતું. તેની કૅપ્શનમાં લખ્યું હતું,''હિંમત અને રાજકાજની આ કથા તમારા સુધી લાવતા ગૌરવ અનુભવું છું. થિએટરમાં ૭ માર્ચે મળીએ.''જ્હોન અબ્રાહમની આ ફિલ્મ શિવમ નાયર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે તેમજ તેની સ્ક્રિપ્ટ રિતેશ શાહ દ્વારા લખવામાં આવી છે. ટી-સિરીઝ આ ફિલ્મને પ્રોડ્યુસ કરે છે. સાથે જ જ્હોન અબ્રાહમના જેએ એન્ટરટેઈન્મેન્ટ, વિપુલ ડી શાહ, અશ્વિન વારડે, રાજેશ બ્હેલ, સમીર દિક્ષિત અને જતિશ વર્મા તેમજ રાકેશ ડાંગ આ ફિલ્મને કો-પ્રોડ્યુસ કરશે. જ્હોને છેલ્લે 'વેદા'માં કામ કર્યુ હતું અને 'ડિપ્લોમેટ' પછી તે 'તેહરાન એન્ડ તારીક'માં કામ કરશે.

## અક્ષય ખન્નાએ મુગલ બાદશાહ ઔરંગઝેબની ખૂંખાર ઝલક આપી 'છાવા'માં મહારાણી યેસુબાઈના રોલમાં રશ્મિકાએ રંગ જમાવ્યો

### ગરિમા-ભવ્ય ઈતિહાસની ઝલક આપતા આ પોસ્ટરને રશ્મિકા-મેડ્ડોક ફિલ્મ્સે શેર કર્યુ છે




ભારતીય ઈતિહાસમાં પોતાના ધર્મને ટકાવવા માટે મુગલ બાદશાહ ઔરંગઝેબની અસહ્ય યાતનાઓ વેઠનારા છત્રપતિ સંભાજી મહારાજના જીવન આધારિત ફિલ્મ 'છાવા'નું પ્રમોશન પૂર જોશમાં ચાલી રહ્યું છે. વિકી કૌશલે છત્રપતિ સંભાજી મહારાજનો રોલ કર્યો છે, જ્યારે તેમનાં પત્ની મહારાણી યેસુબાઈના રોલમાં રશ્મિકા મંદાના છે. ફિલ્મમાં રશ્મિકાના ફર્સ્ટ લૂકને પોસ્ટર દ્વારા શેર કરાયું છે. રશ્મિકાએ પરંપરાગત સાડીની સાથે ભવ્ય ઘરેણાં પહેરેલાં છે. મહારાણી યેસુબાઈની ગરિમા અને ભવ્ય ઈતિહાસની ઝલક આપતા આ પોસ્ટરને રશ્મિકા અને મેડ્ડોક ફિલ્મ્સે શેર કર્યુ છે. રશ્મિકાએ પોતાના માથાને ઢાંકેલું છે અને ચહેરા પર સ્માઈલ છે. પોસ્ટની સાથે કેપ્શનમાં લખ્યું છે, દરેક મહાન રાજાની પાછળ અપ્રતિમ ક્ષમતા ધરાવતી રાણી ઊભેલી હોય છે. મહારાણી યેસુબાઈ તરીકે રશ્મિકા મંદાના આવે છે. સ્વરાજ્યના ગૌરવ 'છાવા'નું ૧૪ ફેબ્રુઆરીએ આગમન થશે. આ ફિલ્મમાં અક્ષય ખન્નાએ ખૂંખાર અને ક્રૂર મુગલ બાદશાહનો રોલ કરેલો છે. અક્ષય ખન્નાનો ફર્સ્ટ લૂક શેર કરતાં પોસ્ટરમાં જણાવાયું છે કે, ડર અને દહેશતનો નવો ચહેરો. અક્ષય કુમાર આવી રહ્યા છે શહેનશાહ ઔરંગઝેબના રોલમાં. પોસ્ટરમાં અક્ષય કુમારને ઓળખવાનું ઘણું અઘરું જણાય છે.

### હોલિવૂડની ફિલ્મોને લાખો અને ક્યારેક કરોડો ડોલરની આવક થતી હોય છે

## વિશ્વનો સૌથી મોંઘો ડાયરેક્ટર, એક ફિલ્મની ફી ૧૦૦ મિલિયન ડોલર

હોલિવૂડની ફિલ્મોને લાખો અને ક્યારેક કરોડો ડોલરની આવક થતી હોય છે. સામાન્ય રીતે ફિલ્મની સફળતાનો આધાર સ્ટાર્સ પર રહેલો હોય છે. એક્ટર્સની જેમ ડાયરેક્ટર્સને સુપરસ્ટારનું ટેગ મળવાનું અઘરું છે. સ્ટીવન સ્પિલબર્ગ, રુસો બ્રધર્સ અને જેમ્સ કેમરોન જેવા હોલિવૂડના ડાયરેક્ટર્સને ફિલ્મની સફળતાની ગેરંટી માનવામાં આવે છે. હોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટર્સને પાછળ રાખીને ક્રિસ્ટોફર નોલાને સૌથી વધુ ફી મેળવનારા ડાયરેક્ટર તરીકે સ્થાન મેળવ્યું છે. ક્રિસ્ટોફર નોલાનની છેલ્લી ફિલ્મ ઓપનહાઈમરને બોક્સઓફિસ પર ૯૫૮ મિલિયન ડોલરનું કલેક્શન મળ્યુ હતું. આ ફિલ્મની આવકમાંથી ક્રિસ્ટોફરને



૧૦૦ મિલિયન ડોલર મળ્યા હતા. તેમાં ક્રિસ્ટોફરની સેલરી, બોક્સઓફિસ આવકમાં ભાગીદારી તથા એકેડમી એવોર્ડ્સ મળવા બદલ અપાયેલા બોનસનો સમાવેશ થાય છે. બે દસકા અગાઉ જેમ્સ કેમરોન અને સ્ટીવન સ્પિલબર્ગને ૧૦-૨૦ મિલિયન ડોલર ફી મળતી હતી. તેઓ પ્રોડક્શન હાઉસની મદદ માટે પોતાની ફી જતી કરતા હતા. જેના કારણે તેઓ ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર બની જતા અને નફામાં ભાગ મેળવતા હતા. નોલાને ૯૦ના દસકાથી ફિલ્મમેકિંગની શરૂઆત કરી હતી. ડાયરેક્ટર તરીકે તેમની પહેલી ફિલ્મ ૧૯૯૮માં રિલીઝ થઈ હતી, જે માત્ર ૬૦૦૦ ડોલરના બજેટમાં બની હતી. આ ફિલ્મે ૧,૨૬,૦૦૦ ડોલરની આવક મેળવી હતી. આ ફિલ્મ પછી નોલાને અમેરિકાની વાટ પકડી અને ૨૦૦૦ના વર્ષમાં 'મેમેન્ટો'નું ડાયરેક્શન કર્યુ. આ ફિલ્મની સફળતાએ હોલિવૂડમાં નોલાનના પગ જમાવી દીધા. નોલાનની કમર્શિયલ સફળતા જોઈને હોલિવૂડના ડીસી અને વોર્નર બ્રધર્સે હાથ લંબાવ્યો અને નોલાને 'ડાર્ક નાઈટ' ટ્રાયોલોજીનું ડાયરેક્શન કર્યુ.

## સોમનાથ મંદિર માટે પ્રાણની આહુતિ આપનારા વીર હમીરજી પર ફિલ્મ



### ૧૪મી સદીની ઘટના આધારિત ફિલ્મમાં સૂરજ પંચોલી, સુનિલ શેટ્ટી અને વિવેક ઓબોરોય નક્કી થયાં

કરોડો સનાતનીઓ માટે આસ્થાના કેન્દ્ર સમાન સોમનાથ જ્યોતિર્લિંગને તોડવાના પ્રયાસ અસંખ્ય વખત થયાં છે. સોમનાથ મંદિરને લૂંટીને ધર્મનો નાશ કરવા આવેલા વિદેશી આક્રમણખોરોનો પ્રતિકાર કરવા લાખો ધર્મપ્રેમીઓએ વીરગતિ વ્હોરી હતી. ૧૪મી સદીમાં મોહમ્મદ તુઘલકની સેનાએ સોમનાથ મંદિરને લૂંટ્યું હતું અને તલવારની અણીએ હજારો લોકોને ધર્માંતરણ કરાવ્યું હતું. તુઘલકની અત્યાચારી સેનાને વીર હમીરજી ગોહિલ અને તેમની સેનાએ દાંત ખાટા કરી નાખે તેવો જવાબ આપ્યો હતો. આ યુદ્ધમાં વીરગતિ પામેલા વીર હમીરજી ગોહિલના જીવન આધારિત ફિલ્મ 'કેસરી વીરઃ લીજન્ડ ઓફ સોમનાથ' બનવાની છે.વીર હમીરજી ગોહિલના બલિદાનને ફિલ્મ સ્વરૂપે રજૂ કરવાના પ્રયાસ ઘણાં સમયથી ચાલી રહ્યા હતા. તાજેતરમાં ફિલ્મના મેકર્સે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરી છે, જેમાં આ હિસ્ટોરિકલ ડ્રામામાં સોમનાથ મંદિરના રક્ષણ માટે પ્રાણોની આહુતિ આપનારા વીરોને અંજલિ આપવામાં આવશે. ૧૪મી સદીમાં તુઘલકની સેનાએ સોમનાથ મંદિરને ત્રણ બાજુથી ઘેરી લીધુ હતું. પરાજય નિશ્ચિત હોવા છતાં વીર હમીરજી ગોહિલ અને તેમની સેનાએ દુશ્મનોનો સામનો કર્યો હતો. તેમણે ૧૦ દિવસ સુધી આક્રમણકારીઓને રોકી રાખ્યા હતા. સોમનાથ મંદિરને બચાવવા વીરગતિ વ્હોરનારા વીર હમીરજીના યોગદાન વિષે ઈતિહાસના પુસ્તકોમાં ખાસ ચર્ચા થઈ નથી. આ ફિલ્મમાં સૂરજ પંચોલી વીર હમીરજી ગિલનો રોલ કરશે. તુઘલકના સેનાતિના રોલમાં વિવેક ઓબેરોય જોવા મળશે. હિન્દુઓને મુસ્લિમ બનાવવા અને ભવ્ય મંદિરોને લૂંટવા આવેલી તુઘલકની સેનાને અટકાવવાના પ્રયાસમાં સાથ આપનારા વીર સેનાપતિના રોલમાં સુનિલ શેટ્ટી જોવા મળશે. ફિલ્મના કેરેક્ટર માટે પોતી જાતને તૈયાર કરતાં સૂરજ પંચોલીએ તલવાર બાજી અને ઘોડેસવારીની તાલીમ લીધી છે. વીર હમીરજીના રોલને જીવંત બનાવવા સૂરજે નોન-વેજ છોડ્યું હોવું કહેવાય છે. ફિલ્મને મોટા બજેટથી બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. દિલધડક એક્શન સીન્સ માટે ભવ્ય સેટ્સ બનાવવામાં આવ્યા છે. ૧૪મી સદીના ભારતની ઝલક આપતાં દૃશ્યોને આબેહૂબ રજૂ કરવાના પ્રયાસ પણ થયા છે. 'કેસરી વીરઃ લીજન્ડ ઓફ સોમનાથ'નું ડાયરેક્શન પ્રિન્સ ધીમાન કરી રહ્યા છે.

## ઝીનત અમાનના ગળામાં ગોળી અટવાઈ

### અભિનેત્રી ઝીનત અમાન સાથે કંઈક એવું બન્યું જેનાથી તેમનો જીવ જોખમમાં મુકાઈ ગયો

વીતેલા જમાનાની જાજરમાન અભિનેત્રી ઝીનત અમાન સાથે કંઈક એવું બન્યું જેનાથી તેમનો જીવ જોખમમાં મુકાઈ ગયો. રાત્રે સૂતા પહેલા ઝીનત અમાન બ્લડ પ્રેશરની દવા લઈ રહી હતી. ગોળી તેના ગળામાં ફસાઈ ગઈ અને તેનો શ્વાસ બંધ થઈ ગયો. તે સમયે ઘરે કોઈ નહોતું. અભિનેત્રીએ તરત જ તેના દીકરા જહાનને ફોન કર્યો. તે તરત જ ઘરે પહોંચ્યો અને તેની માતાને મદદ કરી. ખરેખર, જ્યારે ઝીનત રાત્રે સૂવા જતી હતી, તે પહેલાં તે બ્લડ પ્રેશરની દવા લઈ રહી હતી. પછી તે તેના ગળામાં ફસાઈ ગયું અને તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી.૭૩ વર્ષીય ઝીનત અમાને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાનો એક ફોટો શેર કર્યો છે અને ૨૧ જાન્યુઆરીની રાત્રે પોતાની સાથે શું બન્યું તે પણ જણાવ્યું છે.ઝીનતે જણાવ્યું કે જ્યારે તે અંધેરી પૂર્વના એક સ્ટુડિયોમાં દિવસભર શૂટિંગ કર્યા પછી ઘરે પાછી આવી, ત્યારે તેણે રાત્રે સૂતા પહેલા બ્લડ પ્રેશરની દવા લેવાનું શરૂ કર્યું. તેણે ગોળી મોંમાં નાખી અને પાણી પીધું, પણ ગોળી તેના ગળામાં ફસાઈ ગઈ અને વારંવાર પાણી પીધા છતાં તે અટવાઈ ગઈ. ઝીનત અમાનના શ્વાસ લગભગ બંધ થઈ ગયા હતા.અભિનેત્રીના મતે, તે ગોળી ગળી શકતી ન હતી કે થૂંકી પણ શકતી ન હતી. તેણે ઘણું પાણી પીધું, પણ ગોળી સહેજ પણ હલતી ન હતી. ઝીનત અમાને જણાવ્યું કે તે સમયે ઘરે કોઈ નહોતું. તે ખૂબ જ ગભરાઈ ગઈ. જ્યારે મેં ડૉક્ટરને ફોન કર્યો, ત્યારે તેઓ સતત વ્યસ્ત દેખાઈ રહ્યા હતા. પછી તેણે પોતાના દીકરા જહાનને બોલાવ્યો. જહાં ત્યારે ક્યાંક બહાર હતી અને જ્યારે તે ઘરે પાછો ફર્યો ત્યારે ઝીનતની હાલત વધુ ખરાબ થઈ રહી હતી.ત્યારબાદ જહાં મમ્મી ઝીનત અમાનને ડૉક્ટર પાસે લઈ ગયો અને બધું સરખું પાર પડ્યું . ડૉક્ટરે કહ્યું કે ગોળી ધીમે ધીમે ઓગળી જશે. આ પછી, અભિનેત્રીએ આગામી કેટલાક કલાકો સુધી ધીમે ધીમે ગરમ પાણી પીવાનું ચાલુ રાખ્યું. ત્યારે જ તેની હાલતમાં સુધારો થયો.પ્રોફેશનલ ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઝીનત અમાન ટૂંક સમયમાં નેટફિલક્સના પ્રોજેક્ટ 'ધ રોયલ્સ'માં જોવા મળશે. આ ઉપરાંત તે મનીષ મલ્હોત્રાના પ્રોજેક્ટ 'બન ટિક્કી'માં પણ જોવા મળશે.



### હેરા ફેરી ૩'પર આપ્યું અપડેટ

## નિરાશાની ખાઈમાંથી બહાર આવ્યો અક્ષય

અક્ષય કુમારની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ છે અને તેમની જગ્યાએ 'ભૂલ ભુલૈયા ૨' માં કાર્તિક આર્યનને લેવામાં આવ્યો છે. અક્ષયે જણાવ્યું કે તેને ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. 'હેરા ફેરી ૩' અંગે તેમણે કહ્યું કે જો બધું બરાબર રહ્યું તો તે આ વર્ષે શરૂ થઈ શકે છે.છેલ્લા કેટલાક સમયથી અક્ષય કુમારની ફિલ્મો બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી નથી. જ્યાં તે વર્ષમાં ૪-૫ ફિલ્મો કરીને ઘણી કમાણી કરતો હતો. તે જ સમયે, છેલ્લા બે-ત્રણ વર્ષથી અભિનેતાનું નસીબ મુશ્કેલીમાં છે. તે 'ભૂલ ભુલૈયા' ફ્રેન્ચાઈઝીમાં પણ દેખાયો ન હતો. જેના કારણે ચાહકો ખૂબ નિરાશ થયા હતા. તેમના સ્થાને કાર્તિક આર્યનનો સમાવેશ થયો. જોકે, હવે તેણે ફિલ્મમાં ન આવવાનું કારણ જણાવ્યું છે. ઉપરાંત, 'હેરા ફેરી ૩' અંગે એક મોટું અપડેટ આપવામાં આવ્યું છે.અક્ષય કુમાર પોતાની આગામી ફિલ્મ 'સ્કાય ફોર્સ'નું પ્રમોશન કરી રહ્યો છે. ૨૪ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહેલી આ ફિલ્મને લઈને તે ફરી એકવાર ઉત્સાહિત છે અને તે ચોક્કસપણે સિનેમાઘરોમાં કંઈક અદ્ભુત કરશે.અક્ષય કુમારે તેના ચાહકને કહ્યું, 'દીકરા, તેણે મને કાઢી મૂક્યો હતો.' સાથે તેણે કહ્યું, 'હું હેરાફેરી ૩ શરૂ થવાની રાહ જોઈ રહ્યો છું.' મને ખબર નથી, પણ જો બધું બરાબર રહ્યું, તો તે આ વર્ષે શરૂ થશે. અક્ષય કુમારને ખ્યાલ નહોતો કે 'હેરા ફેરી' કલ્ટ હિટ બનશે.

## ઉર્વશી રૌતેલાની ઈચ્છાથી જ ફિલ્મ મેકર્સે બાથરૂમ વીડિયો લીક કર્યો હતો

### 'ઘુસપૈઠિયા'ના મેકર્સને આર્થિક સમસ્યા હોવાથી ઉર્વશીએ વીડિયો લીક કરવા મંજૂરી આપી હતી



ઉર્વશી રૌતેલા ૨૦૨૪ના વર્ષમાં એક વીડિયોના કારણે ચર્ચામાં રહી હતી. ઉર્વશીનો બાથરૂમ વીડિયો ગત વર્ષે લીક થયો હતો. આ વીડિયો ઉર્વશીની ફિલ્મ 'ઘુસપૈઠિયા'નો જ એક સીન હોવાનું બાદમાં બહાર આવ્યું હતું. ઉર્વશીએ આ લીક વીડિયો અંગે ચુપકિદી તોડતા જણાવ્યું છે કે, તેની મંજૂરીથી જ ફિલ્મ મેકર્સે આ વીડિયો લીક કર્યો હતો. ઉર્વશીએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો હતો કે, તેનો બાથરૂમ વીડિયો ઈરાદાપૂર્વક લીક કરાયો હતો અને આ માટે મેકર્સે તેની મંજૂરી લીધી હતી. ઉર્વશીએ 'ઘૂસપૈઠિયા'ને અદભૂત ફિલ્મ ગણાવી હતી અને વીડિયો બાબતે મેકર્સના નિર્ણયનું કારણ પણ જણાવ્યુ હતું. ઉર્વશીએ દાવો કર્યો હતો કે, મેકર્સને તેમની જમીન વેચવી પડે તેવી સ્થિતિ હતી અને




તેથી તેઓ આ સમસ્યા ઉકેલવા મરણિયા બન્યા હતા. ઉકેલના ભાગરૂપે મેકર્સે ઉર્વશી સાથે સીન લીક કરવા બાબતે વાત કરી હતી. ઉર્વશીએ કહ્યું હતું કે, તેઓ રસ્તા પર આવી જાય તેવી હાલત હતી અને તેથી આ બાબતે મારા બિઝનેસ મેનેજર સાથે વાત કરી હતી. વળી, આ ફિલ્મનો સીન જ હતો. તેમાં કંઈ ખાસ હતું ન હતું. વીડિયો લીક કરીને ફિલ્મને ચર્ચામાં લાવવાનો પ્રયાસ થયો હતો. ખાસ કરીને તેઓ છોકરીઓને જાગૃત કરવા માગતા હતા. જેના કારણે આ પગલું લેવુ પડ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, 'ઘૂસપૈઠિયા'માં ઉર્વશી સાથે વિનીતકુમાર સિંહ, ગોવિંદ નામદેવ અને અક્ષય ઓબેરોય હતા.

## ઇન્ડસ્ટ્રીમાં લોકોને કંઈ નવું કરવું ગમતું નથી

### ફિલ્મ ડિરેક્ટર અભિષેક કપૂરે બોલિવૂડ અંગે બળાપો ઠાલવ્યો

અભિષેક કપૂર ઈન્ડસ્ટ્રીમાં 'રૉક ઓન', 'કાઈપો છે' અને 'કેદારનાથ' જેવી ફિલ્મો માટે જાણીતા છે. તેણે દરેક ફિલ્મમાં અલગ વાર્તા સાથે નવા કલાકારોને તક પણ આપી છે. તેણે ઈન્ડસ્ટ્રીને સુશાંત સિંહ રાજપૂતથી લઈને હવે 'આઝાદ'માં રાશા થડાની અને અમાન દેવગન સહિતના કલાકારો આપ્યા છે. તે 'આઝાદ'ની રિલીઝની તૈયારી કરી રહ્યા છે, જેમાં મનુષ્ય અને પ્રાણી વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમ અને વફાદારીની વાત કરવામાં આવી છે. તેમાં અજય દેવગન પણ જોવા મળશે. આ ફિલ્મ અંગેના એક ઈન્ટરવ્યૂમાં અભિષેક કપુરે ઈન્ડસ્ટ્રીના વલણ અંગે દિલ ખોલીને વાતો કરી હતી. ફિલ્મોમાં નવા કલાકારોને તક મળવા અંગે તેણે કહ્યું,''જ્યારે તમે એક નવો અનુભવ આપે તેવી કૃતિ બનાવી રહ્યાં હોવ ત્યારે તેમાં સૌથી મહત્વની વાત એ હોય કે તેમાં ચહેરા પણ નવા હોવા જોઈએ, જેથી ઓડિયન્સ જ્યારે આ ફિલ્મ જુએ ત્યારે આ કલાકારોએ રચેલી દુનિયામાં દર્શકો પણ તણાઈ આવે. તેમને કશુંક એવું જોવા મળે જે એમણે ક્યારેય ન જોયું હોય.''અભિષેક કપૂરે ૨૦૧૬માં આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખી હતી અને તે આ ફિલ્મ બનાવવા માટે યોગ્ય સમયની રાહમાં હતા. કારણ કે અલગ વિષય છે. ફિલ્મના ટ્રેલર લોંચ વખતે બોલિવૂડના વલણ અંગે તેણે જણાવ્યું, ''આ ઈન્ડસ્ટ્રીને પરિવર્તન ગમતું નથી, એમને નવી વસ્તુ ગમતી નથી. એમને બસ પુનરાવર્તન કરતા રહેવું જ ગમે છે. ઈન્ડસ્ટ્રી એક મશીન બની ગઈ છે. જો તમારે ટ્રેન્ડ જ ફોલો કરવાનો હોય તો એ તો કામ કરવું સહેલું છે. પણ તમે જ્યારે કશુંક નવું કરવા માગતા હોય જે પહેલાં કોઈએ ન કર્યુ હોય, તો કોઈને ગમશે નહીં. તો તમારે માત્ર યોગ્ય તકની જ રાહ જોવી પડે છે. તમને જેવી એ તક મળે, તમે એ ઝડપી લો, મેં આઝાદ સાથે એવું જ કર્યુ.''આ ફિલ્મની વાર્તા અંગે તેણે જણાવ્યું,''આ ફિલ્મનો હિરો એક ઘોડો છે, જ્યારે તમારે ઘોડા વિશે ફિલ્મ બનાવવી હોય તો તમારે એને દોડાવવા તો પડે ને. તેના માટે તમારી પાસે ખુલ્લી જગ્યા જોઈએ. આજકાલ રેસકોર્સ સિવાય કોઈ જગ્યાએ આવી થ્રિલ ક્યાં જોવા મળે? તેથી જ્યારે વિકાસ નહોતો થયો એ જમાનામાં તમારે વાર્તાને લઈ જવી જરૂરી છે.



**અભિષેક કપૂરે ૨૦૧૬માં 'આઝાદ' ફિલ્મની સ્ક્રિપ્ટ લખી હતી અને તે આ ફિલ્મ બનાવવા માટે યોગ્ય સમયની રાહમાં હતા**

# ઝાલોદ નગરપાલિકા દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હેઠળ નગરમાં એક્શન મોડમા જોવા મળી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

સ્વચ્છ ભારત અભિયાન હેઠળ મારું ગામ સુંદર અને સ્વચ્છ ગામ જેવા સુંદર બૅનર હેઠળ હાલ ઝાલોદ નગરપાલિકા એક્શન મોડમા જોવા મળે છે, નગરપાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા નિયમિત રીતે નગરમાં દુકાનો, શેરી તેમજ જાહેર જગ્યાઓ પર સ્વચ્છતા જાળવવા માટે વિશેષ માહિતી આપવામાં આવે છે. સ્વચ્છતા રાખવાથી આરોગ્ય જળવાતા પરિવારમાં સુખાકારી આવે છે. સ્વચ્છતા અભિયાનની વિશેષ ઝુંબેશ હાલ નગર પાલિકા દ્વારા નગરમાં ચલાવવામાં આવી રહેલ છે. જેમાં વ્યાપારી વર્ગ તેમજ નગરજનો વિશેષ સહયોગ આપે તેવી હાકલ નગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલ છે .આપણે જાતે પોતાના શેરીમા કે રસ્તામાં જ્યાં ત્યાં કચરો ન નાંખી તેમજ જે કચરો કરતા હોય તેવા વ્યક્તિઓને ટકોર કરી સ્વચ્છતા અંગે સભાનતા કરાવવી જોઈએ. સ્વચ્છ ઝાલોદ રાખવું હોય તો નગરના દરેક લોકોએ જાતે જાગૃતિ કેળવી આ અંગે સજાગતા જાળવવી જોઈએ.

"વિશેષ સ્વચ્છતા ઝુંબેશ-૨૦૨૫" અંતર્ગત ઝાલોદ નગરપાલિકા ના ચીફ ઓફિસર તથા મામલતદારના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના સેનેટરી ઈન્સેક્ટર તથા તેમની ટીમ આરોગ્ય વિભાગ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક માટે ચેકીંગ હાથ ધરવામાં આવી રહેલ છે. જે દરમ્યાન નગર પાલિકા વિસ્તારની વિવિધ દુકાનોમાં જઈ પ્લાસ્ટિક થી થતાં નુકસાન વિશે સમજણ આપવામાં પણ આવી રહેલ છે તેમજ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈનું પ્લાસ્ટિક વેચાણ ન કરવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા અને છતાંય ટકોર કર્યા બાદ પણ જે પ્લાસ્ટિકની થેલી વેચાણ કરતા હોય તેવા દુકાનદારો તેમજ દુકાનમાં ગ્રાહકને પ્લાસ્ટીકની થેલી આપતા હોય તેવા દુકાનદારો સામે દંડકીય કાર્યવાહી પણ કરવામાં આવી રહેલ છે. તેમજ કાપડની થેલી જ સહુ લોકો ઉપયોગ કરે તે માટેનો આગ્રહ કરવામાં આવી રહેલ છે.

# ૭૬મો પ્રજાસત્તાક પર્વ : બાજીપુરા ખાતે રાજ્યકક્ષાની ઉજવણી પૂર્વે રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું



। (માહિતી) તાપી, તા.૨૩ ।

દેશના ૭૬મા પ્રજાસત્તાક રાજયકક્ષાની ઉજવણી તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બાજીપુરા ખાતે સવારે ૯ વાગ્યે કરવામાં આવશે. જે અન્વયે આજે બાજીપુરા પરેડ ગ્રાઉન્ડ ખાતે રિયલ ટાઈમ રિહર્સલ યોજાયુ હતું. જેમાં તાપી જિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગના અધ્યક્ષ-સ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ અને પોલીસ પરેડ રિહર્સલનું નિરીક્ષણ કરાયું હતું. આજના રિહર્સલમાં ગુજરાત જિલ્લા પોલીસના જવાનો દ્વારા જોમસભર વાતાવરણમાં અનુશાસનબદ્ધ પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ તાપી જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સાહસ અને શૌર્યથી ભરપૂર સાંસ્કૃતિક કૃતિઓ તથા સાંપ્રત વિષયો પર આધારિત નૃત્યનાટિકાઓ, યોગાભ્યાસ, પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે ઉચ્ચ અધિકારીશ્રીઓએ સમગ્ર કાર્યકમની બેઠક વ્યવસ્થા, આમંત્રિત મહેમાનો, પત્રકારો તેમજ જાહેર જનતા માટેની વ્યવસ્થાઓ, પાર્કિંગ, પીવાના પાણી સહિત આનુસાંગીક વ્યવસ્થાઓની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. રીહર્સલમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોલીસ અધિક્ષકશ્રી, મામલતદારશ્રી તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા પ્રજાત્તાક પર્વની ઉજવણીની પૂર્વતૈયારીઓને અંતિમ ઓપ અપાયો હતો.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ઇન્ટર ક્લાસ ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટનો શુભારંભ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કોલેજના આચાર્ય ડો.એ.આર. મોદીના માર્ગદર્શન હેઠળ ઈન્ટર કલાસ ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટનો ટોસ ઉછાળી શુભારંભ કરાવ્યો હતો. યુવાનોની પ્રિય રમત ક્રિકેટ હોય બીએ, બીકોમ અને એમએની કુલ મળીને જુદા જુદા વર્ગની ૨૧ ટીમોએ આ ટુર્નામેન્ટમાં ઉત્સાહભેર ભાગ લીધો છે. આચાર્ય મોદી એ ખેલાડીઓને રમતના નિયમોનું ચુસ્ત પાલન કરી ખેલદિલી પૂર્વક ભાગ લેવા આહવાન કર્યુ હતું. આ ટૂર્નામેન્ટમાં રોજની બે મેચ રમાશે. આ સ્પર્ધા અંદાજીત ૧૨ દિવસ સુધી ચાલશે. કોલેજના વિદ્યાર્થીઓને સ્પર્ધા આયોજનનો અનુભવ મળી શકે તે હેતુથી પુરી ટૂર્નામેન્ટ કોલેજના વિદ્યાર્થીઓની એક આયોજક કમિટી દ્વારા આયોજીત કરવામાં આવી છે.

# થરા ખાતે આપણુ બંધારણ, આપણુ સ્વાભિમાન યાત્રા રેલી યોજાઈ


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૩ ।

ભારતનું બંધારણ પંચોતેર વર્ષની ગૌરવશાળી યાત્રા પૂર્ણ કરી રહ્યું છે. નાગરિકોમાં બંધારણ પ્રત્યે જાગૃતિ ફેલાય તે હેતુ ભાજપ કાંકરેજ તાલુકો અને થરા શહેર દ્વારા સંવિધાન ગૌરવ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંહતું જેમાં જીલ્લા અધ્યક્ષ કિર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમમાં યોજાયો હતો. આ યાત્રામાં ભાજપના કાર્યકર્તા ઓને. મોટી સંખ્યામાં જોડાયા હતા.

ભારતનું બંધારણ પંચોતેર વર્ષની ગૌરવશાળી યાત્રા રેલી સવારે માર્કેટયાર્ડથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને થરા સર્વિસ રોડથી ચોર્યાસી વિસ્તાર થઈ નગર પાલિકા રોડ વાળીનાથ રોડ પર સ્વામી વિવેકાનંદની પ્રતિમાની પાસેથી બુકોલિયાવાસ પાસે આવેલ રામાપીર મંદિરે સમાપન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં પાલિકા પૂર્વ પ્રમુખપૃથ્વીરાજસિંહ વાઘેલા, ભારત સિંહ ભટેસરીયા, ઈશ્વરભાઈ પટેલ, નટુભાઈ પટેલ, દિનેશજી ઘાંઘોસ, હરગોવનભાઈ શિરવાડિયા, પ્રવિણભાઈ પરમાર, અલ્પેશભાઈ શેઠ, વિક્રમસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, શરદભાઈ, પ્રવીણભાઈ, ભૂપતસિંહ પરમાર સહિત ભાજપના કાર્યકર્તાઓને જોડાયા હતા.

# કાંકરેજ તાલુકાના ભાવનગર ના ખેડૂતે ગાય આધારિત ઓર્ગેનિક ખેતી પદ્ધતિ અપનાવી


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૩ ।

કાંકરેજ તાલુકાના થરા સદુજી વાસ વિસ્તારના ભાવનગર ગામના ખેડૂત પુત્ર એસ.એમ. પટેલના જણાવ્યા અનુસાર ભારત સરકાર દ્વારા થોડા સમય પહેલા જેમને ગાય આધારિત જૈવિક ઓર્ગેનાઈઝ શાકભાજીનું ઉત્પાદન કરીને તાલુકા જિલ્લા કે દેશ કે આંતરરાષ્ટ્રીય લેવલે વેચાણ તેમજ નિકાસ કરવા માટે સર્ટિફિકેટ મેળવ્યા બાદ તેમણે ગાય આધારિત ઓર્ગેનિક ખાતર દ્વારા શાકભાજીનું ઉત્પાદન બાબતની માહિતી આપતા જણાવ્યું હતું કે ઓર્ગોનાઈઝ ખાતર બનાવવાની જે જીવામૃત બેગની અંદર ગાયનું છાણ ઝરણ (મુત્ર) આકડો ચોખા ધતુરો કિચન વેસ્ટ જે તેલવિહીન હોવો જોઈએ તે નાખવાથી તેમાં રાસાયણિક પ્રક્રિયા દ્વારા વીસ દિવસમાં ઓર્ગેનાઈઝ ખાતર તૈયાર થાય છે જેમાંથી પોતે અત્યારે બે વીઘામાં ધાણા ગાજર મુળા ભીંડા ફુલાવર લાલ ભીંડા લાલ ફુલાવર ટમાટર ચોળી પાપડી ફુલાવર પાલકની ભાજી અલગઅલગ પ્રકારની શાકભાજીનું વાવેતર કરીને વેચાણ કરી રહેલ છે આજના સમયમાં ખેડૂતો દ્વારા રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાઓના ઉપયોગથી તૈયાર થયેલી શાકભાજી ખાવાથી કેન્સર જેવા અસાધ્ય અને જીવ લેણ રોગોના લોકો દિવસે દિવસે ભોગ બની રહ્યા છે ત્યારે ગાય આધારિત ઓર્ગોનાઈઝ પદ્ધતિ દ્વારા તૈયાર થતી શાકભાજી વાપરવા તરફ લોકો આકર્ષાયા છે. ગાયના છાણ અને ઝરણમાંથી ઓર્ગેનાઈઝ ખાતર દ્વારા તૈયાર થતી શાક ભાજી તેમજ અન્ય પેદાશો માટે નિર્ધારિત કરેલી કંપનીઓને સબસીડી આપી કંપની દ્વારા ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોને નેટ હાઉસ બનાવી આપવામાં આવે છે જેને પ્લાસ્ટિક નેટ જાળી દ્વારા સંરક્ષિત કરવામાં આવે છે જેમાં ઉગાડવામાં આવતા શાકભાજીમાં જીવાત પ્રવેશી શકતી નથી તેમજ અવારનવાર ક્લાઈમેન્ટ ચેન્જ દ્વારા વાતાવરણ બદલાય છે તેની અસર વાવેતર પર જોવા મળે છે.

# ગુજરાત વિધાનસભાની જાહેર સાહસોની સમિતિએ સુરત મેટ્રો પ્રોજેક્ટની વિવિધ સાઈટોની મુલાકાત લીધી



। (માહિતી) સુરત, તા.૨૩ ।

ગુજરાત વિધાનસભાની જાહેર સાહસોની સમિતિએ સુરતના મેટ્રો ટ્રેન પ્રોજેક્ટની વિવિધ સાઈટો તેમજ ઈન્ટિગ્રેટેડ કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરની મુલાકાત લીધી હતી. સમિતિએ ખજોદમાં નિર્માણાધિન ડ્રીમ સિટી મેટ્રો સ્ટેશન, ચોકબજાર, લંબેહનુમાન રોડના મેટ્રો ટનલિંગની કામગીરી નિહાળી હતી. જાહેર સાહસોની સમિતિના અધ્યક્ષ ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાની આગેવાની હેઠળ સમિતિના સભ્યો ધારાસભ્ય સર્વશ્રી જીતુભાઈ ચૌધરી, પૂર્ણેશભાઈ મોદી, મહેશભાઈ કસવાલા, પ્રવિણભાઈ ઘોઘારીએ ખજોદ પાસે નિર્માણાધિન ડ્રીમ સિટી મેટ્રો સ્ટેશનની મુલાકાત લીધી હતી. અહીં મેટ્રોના એડમિન બિલ્ડીંગ, મેટ્રો ભવન, સ્ટેબલિંગ શેડ, વર્કશોપ શેડ, યાર્ડ એરિયા, ડેપો સ્ટોર, ઈન્સ્પેક્શન બે એરિયા વિશે જાણકારી મેળવી હતી. આ સ્થળે મેટ્રો સંબંધિત થઈ રહેલી કામગીરી નિહાળી હતી. સમિતિએ લાભેશ્વર ચોક, લંબે હનુમાન રોડ ખાતે પ્રગતિ હેઠળના મેટ્રો ટનલની પણ મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપ્યા હતા. સમિતિના સભ્યોએ સ્માર્ટ સિટી-સુરતના અદ્યતન ICCC (ઈન્ટિગ્રેટેડ કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર)ની મુલાકાત લીધી હતી અને અહીં એક જ સ્થળેથી ઈમરજન્સી રિસ્પોન્સ અને વ્યવસ્થાપન સહિત થઈ રહેલી રિયલ ટાઈમ મોનિટરીંગની કામગીરી નિહાળી પ્રભાવિત થયા હતા. મનપાના અધિકારીઓએ આગ, રેલ, વાવાઝોડું, ધરતીકંપ જેવી કુદરતી આફતો દરમિયાન ઈમરજન્સી સેવાઓને મોનિટર કરી તેને પહોંચી વળવા તેમજ તંત્ર સાથે સંકલન કરવા માટે, મનપાની વિવિધ સેવાઓનું મોનિટરીંગ સેન્ટ્રલાઈઝડ સેન્ટરથી કરવા માટેના આ અત્યાધુનિક ICCCની કાર્યપ્રણાલી વિષે સભ્યોને વાકેફ કર્યા હતા. મેટ્રોના ડિરેક્ટર (પ્રોજક્ટ એન્ડ પ્લાનિંગ) શ્રી આનંદસિંઘ બિષ્ટ અને મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલે જાહેર પ્રકલ્પો સાકાર થવાથી ઉભી થનારી જનસુવિધાઓ અને સુરતના થનારા સર્વાંગી વિકાસની રૂપરેખા રજૂ કરી હતી.ઓલપાડના માસમા ગામે ફરી ઝડપાઈ ડુપ્લીકેટ ઘીની ફેકટરી પકડાઈ છે. ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ધમધમતી નકલી ઘીની ફેક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યો છે. પોલીસે ગોડાઉનમાંથી નકલી ઘીના જથ્થા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અગાઉ પણ વિસ્તારમાંથી ડુપ્લીકેટ ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. આપને જાણવી દઈએ કે,મોટા પ્રમાણમાં નકલી ઘીનો જથ્થો ઝડપાયો છે. ઘી બનાવાનો સામાન, પેકિંગ મશીનરી મળી આવી છે. અગાઉ પણ નકલી ઘીની ફેક્ટરી ઝડપાઈ હતી.

# પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે તાપી કલેક્ટર ડો. વિપિન ગર્ગનું પ્રાથમિક રૂટ નિરીક્ષણ



। (માહિતી) તાપી, તા.૨૩ ।

તાપી જિલ્લામાં થનારી ૭૬ માં પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગના વડપણ હેઠળ વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓશ્રીઓ, કર્મચારીશ્રીઓએ પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે યોજાનારા વિવિધ કાર્યક્રમોની સ્થળ મુલાકાત અને મદાવ તેમજ બાજીપુરાના ટોકરવા ખાતે આવેલા હેલીપેડ રૂટ ડેમોન્સ્ટ્રેશન કર્યુ હતું. ૨૫મીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મદાવ હેલીપેડ ખાતે ઉતરાણ કરીને વ્યારા સરકિટ હાઉસ તરફ રવાના થશે. જે બાદ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને એટહોમ કાર્યક્રમ યોજાશે. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રેરક ઉપસ્થિતિ નોંધાવશે. એટ હોમ કાર્યક્રમ પૂર્ણ થયે સાંજે દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. ટૂંકમાં, તાપી જિલ્લામાં યોજાનારા પ્રજાસત્તાક પર્વને લઈને તમામ કાર્યક્રમોનું અસરકારક આયોજન થાય અને કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તેવા શુભ આશય સાથે કલેક્ટર ડો. વિપિન ગર્ગે તમામ સ્થળો પર તૈયારી અને વ્યવસ્થાપનને લઈને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ સાથે ઝીણવટપૂર્ણ ચર્ચા કરી હતી. સાથોસાથ કાર્યક્રમો સંદર્ભે થયેલ કામગીરીની સમીક્ષા કરીને તમામ તૈયારીઓ સુચિબદ્ધ થાય તે માટે રૂટ નિરિક્ષણ કર્યુ હતું. ઉપરાંત, કલેક્ટરશ્રીએ બંને હેલીપેડ સ્પોટ પર જરૂરી મેડીકલ ટીમ, પોલીસ કોન્વોય, વીજળી સહિતની આનુષંગિક અને પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચન કર્યું હતું. સંસ્કૃતિક કાર્યક્રમ અને ધ્વજવંદનના સ્થળે ગ્રીન રૂમ, પોલીસ બેન્ડ પોઝીશન, બેઠક વ્યવસ્થા, એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ જેવી બાબતોમાં એકદમ ઝીણવટપૂર્વક કાળજી રાખવા માટે કોર કમિટીના સભ્યોએ સૂચનાઓ અને માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ.

# ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આહવામાં 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાનની રેલી યોજાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

'બેટી બચાવો બેટી પઢાવો યોજના અભિયાન' ને ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ૧૦ વર્ષ પુર્ણ થતાં હોય, ભારત સરકારશ્રી દ્વારા તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ થી ૮ માર્ચ ૨૦૨૫ સુધી જુદી જુદી પ્રવૃતિઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના અધિકારી શ્રી ડૉ. મનિષાબેન એ. મુલતાની માર્ગદર્શન હેઠળ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બેટી બચાવો બેટી પઢાવો અભિયાન' ની આ રેલી જિલ્લા કલેક્ટરના પટાંગણથી નિકળી જિલ્લા મથક આહવાના જુદાં જુદાં વિસ્તારમા ફરી ફુવારા ચાર રસ્તા થઇ પરત આવી હતી. આ રેલીમાં કિશોરીઓ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો નારાને ગુંજતો કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો માટેના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ઉપસ્થિત તમામ લોકોએ બેટી બચાવો બેટી પઢાવોના શપથ લીધા હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

### ગિલને વન-ડેમાં ઉપસુકાની બનાવાયો છે

# ગિલને ઉપસુકાની બનાવવાનો નિર્ણય ભવિષ્યલક્ષી છે: અશ્વિન

## ભારતીય ટીમમાં ટોચના ક્રમમાં વધુ ડાબોડી ખેલાડીને મહત્વ આપવા ઓફ સ્પિનરનો આગ્રહ કરવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય ટીમના પૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયામાં શુભમન ગિલને વાઈસ કેપ્ટન બનાવવાના મેનેજમેન્ટના નિર્ણયનું સમર્થન કર્યુ હતું. અશ્વિને આને ભવિષ્યલક્ષી પગલું ગણાવ્યું હતું. ટોચના ક્રમના બેટ્સમેન ગિલનું સ્થાન ટીમમાં મોટાભાગે નક્કી છે અને તેને ભાવિ સુકાની તરીકે તૈયાર કરવાનો વિચાર સરાહનિય છે. અશ્વિને ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં અધવચ્ચે જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. અશ્વિને યુ-ટ્યુબ ચેનલ પર જણાવ્યું કે, મારી કદાચ ભૂલ ના થતી હોય તો ગિલને ટેસ્ટ ક્રિકેટમાં પણ ઉપસુકાની રહેવાનો અનુભવ છે. ગિલને વન-ડેમાં ઉપસુકાની બનાવાયો છે તો બીજીતરફ ટી૨૦માં આ ભૂમિકા અક્ષર પટેલને સોંપવામાં આવી છે. ભારતીય



ટીમમાં ટોચના સાત ખેલાડીઓમાં ડાબોડી ખેલાડીની અછત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. રોહિત અને ગિલ ઓપનર છે જે જમણેરી છે. જ્યારે કોહલી, ઐયર, અને રાહુલ અનુક્રમે બેટિંગ કરી શકે છે. છઠ્ઠા ક્રમે જાડેજા અથવા અક્ષરમાંથી કોઈ એક રમી શકે છે. ડાબેરી ખેલાડીને વધુ મહત્વ આપવું જોઈએ તેવો આગ્રહ અશ્વિને વ્યક્ત કર્યો હતો.

## અમેરિકામાં ફરી એકવાર શાળામાં ગોળીબારની ઘટના

। વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં ગોળીબારની ઘટનાઓ અટકવાનું નામ લઈ રહી નથી. આ વખતે અમેરિકાના નેશવિલેમાં સ્કૂલમાં ફાયરિંગનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ મામલે જાણકારી આપતાં જણાવ્યું કે એક વિદ્યાર્થીએ ટેનેસીના નેશવિલેમાં એક હાઈસ્કૂલમાં ગોળીબાર કર્યો હતો જેમાં એક વિદ્યાર્થી મૃત્યુ પામ્યો જ્યારે અન્ય એક સાથી ઘવાયો હતો. જોકે હુમલાખોરે પછીથી પોતાની જાતને ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. નેશવિલે પોલીસે આ મામલે જાણકારી આપી કે ૧૭ વર્ષના એક વિદ્યાર્થીએ એન્ટીઓક હાઈસ્કૂલના કાફેટેરિયાની અંદર પિસ્તોલ વડે આડેધડ ફાયરિંગ કર્યુ હતું. આ હુમલામાં એક ૧૬ વર્ષની સાથી વિદ્યાર્થિનીની ગોળી મારી હત્યા કરી નાખી હતી. આ દરમિયાન અન્ય એક વિદ્યાર્થીને પણ ગોળી વાગી હતી જેનાથી તે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો.

### 'ચર્ચ અને સ્કૂલમાંથી પણ કરો ધરપકડ...'

# ડોનાલ્ડ ટ્રમ્પના ફરમાનથી અમેરિકામાં વસતા ગેરકાયદે શરણાર્થીઓમાં ભયનું વાતાવરણ

## મેક્સિકોની એક ઇમિગ્રન્ટ કાર્મેને જણાવ્યું હતું કે અમારું શું થશે હું તેની કલ્પના પણ કરી શકતી નથી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

ટ્રમ્પ વહીવટીતંત્રએ ચર્ચ અને સ્કૂલો જેવા સંવેદનશીલ સ્થળોએથી પણ ઈમિગ્રેશન અધિકારીઓને ગેરકાયદેસરના માઈગ્રન્ટ્સની ધરપકડ ન કરવાની દાયકા જૂનીની ત્યજી દઈને તેઓને છૂટ આપી છે. તેના લીધે અમેરિકામાં વસતા માઈગ્રન્ટ્સમાં રીતસરનું ભયનું વાતાવરણ છવાઈ ગયું છે. આના પહેલે ગેરકાયદે માઈગ્રન્ટ્સને પ્રવેશવા બંને ફેડરલ એજન્સીઓ ઉપરોક્ત બંને સ્થળોએ જઈ શકતી ન હતી. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ ગુરુવારે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે આ પગલાંના લીધે સીબીપી અને આઈસીઈના હિંમતવાન પુરુષ અને મહિલા કર્મચારીઓ આપણા ઈમિગ્રેશન કાયદાનો ભંગ કરીને આવનારા ગેરકાયદે વસાહતીઓ સામે પગલાં લઈ શકશે, તેમા હત્યારાઓ અને બળાત્કારીઓનો સમાવેશ થાય છે. આ ગુનેગારો હવે અમેરિકન સ્કૂલો અને ચર્ચોમાં છૂપાઈને તેમની ધરપકડ ટાળી નહી શકે. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ ગાઈડન્સ ૨૦૧૧માં આવી હતી. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેકશનને ૨૦૧૩માં જ આવી ગાઈડન્સ અપાઈ હતી. ટ્રમ્પે ગેરકાયદેસરના માઈગ્રન્ટસ પર તેની એજન્સીઓને તૂટી પડવાની અને તેમા પણ શાળા અને કોલેજોમાં પણ જઈ કાર્યવાહી કરવાની છૂટ આપતા માઈગ્રન્ટ્સ તેમના સંતાનોને સ્કૂલે મોકલતા ડરવા લાગ્યા છે. અમેરિકામાં વિવિધ સ્કૂલોમાં જતાં હોય તેવા ગેરકાયદે માઈગ્રન્ટ્સના ૭.૩૩ લાખ બાળકો છે. આ બધા માઈગ્રન્ટ્સ હવે તેમના સંતાનોને લઈને ચિંતિત છે. મેક્સિકોની એક ઈમિગ્રન્ટ કાર્મેને જણાવ્યું હતું કે અમારું શું થશે હું તેની કલ્પના પણ કરી શકતી નથી.

### ઓલરાઉન્ડર વેંકટેશ અય્યર ઈજાગ્રસ્ત

# રણજી મેચમાં ઈજાગ્રસ્ત, ભારતનો સ્ટાર ઓલરાઉન્ડર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

રોહિત શર્મા, શુભમન ગિલ, ઋષભ પંત, રવિન્દ્ર જાડેજા, યશસ્વી જયસ્વાલ સહિત દિગ્ગજ ખેલાડીઓ હાલ રણજી ટ્રોફીમાં વ્યસ્ત છે. આ ટૂર્નામેન્ટમાં ઓલરાઉન્ડર વેંકટેશ અય્યર ઈજાગ્રસ્ત થતાં કોલકાતા નાઈટ રાઈડર્સની મુશ્કેલીઓ વધી છે. બેટિંગ દરમિયાન પગમાં મચકોડ આવી જતાં અય્યર ઈજાગ્રસ્ત થયો હતો. રણજી ટ્રોફીમાં મધ્યપ્રદેશ તરફથી કેરળ વિરુદ્ધ મેચ રમતી વખતે અય્યરના પગમાં મચકોડ આવી ગઈ હતી. મેદાનમાં ફિઝિયો ટ્રીટમેન્ટ મળી હોવા છતાં દુખાવો વધતાં મેદાન છોડી બહાર જવું પડ્યું હતું. અય્યર ત્રણ બોલમાં માત્ર બે જ રન બનાવી



શક્યો હતો. બાદમાં ઈજા થતાં તે ડ્રેસિંગ રૂમમાં પરત ફર્યો હતો. વેંકટેશ અય્યર આઈપીએલનો સૌથી મોંઘા ખેલાડીઓ પૈકી એક છે. કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ૨૧ માર્ચથી શરુ થનારી આઈપીએલ સીઝન માટે રૂ. ૨૩.૭૫ કરોડમાં ખરીદ્યો હતો. જો કે, અય્યરને ઈજા થતાં તે આઈપીએલ સીઝનમાં રમી શકશે કે નહીં, તે મુદ્દે ચિંતા વધી છે. રણજી ટ્રોફીમાં કેરળે ટોસ જીતી બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. તેણે મધ્યપ્રદેશના બેટર્સને રન માટે હંફાવ્યા હતા. મધ્યપ્રદેશે ૪૯ રનમાં જ ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કેરળના એમ નિધેશે મધ્યપ્રદેશના ઓપનર હર્ષ ગવલીને સાત રન પર અને હિમાંશુ મંત્રીને ૧૫ રન પર આઉટ કર્યા હતા. રજત પાટીદારને ખાતું પણ ખોલવા દીધું ન હતું, ત્યારબાદ સારાંશ જૈનને ૮ રન પર પેવેલિયન મોકલ્યો હતો. આ સિવાય સરવટેએ આર્યન પાંડે અને કુમાર કાર્તિકેય સિંહની વિકેટ લીધી હતી.

# ટ્રેનની છત પર ચડી ગયો શખ્સ, ભૂલથી 11KVના તારને અડી જતાં ભડકો થયો

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૩ ।

રાયગડા રેલવે સ્ટેશન પર એક દર્દનાક ઘટના સામે આવી છે. માલગાડી પર ચડેલો શખ્સ હાઈ વોલ્ટેજ કરંટના તારને અડી ગયો અને પળવારમાં આગનો ગોળો બનીને નીચે પડી ગયો. ભયંકર રીતે દાઝી જવાના કારણે આ શખ્સનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થઈ ગયું છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેને જઈને તમે પણ ડરી જશો. આ ઘટના મંગળવાર સવારની છે. મૃતકનીઓળખાણનરસિંહકાંડાતરીકેથઈ છે.જેનીઉંમર ૫૫ વર્ષની હોવાનું કહેવાય છે. જે ઓડિશાના નુઆપાડા જિલ્લાના બદનાલા ગામનો રહેવાસી હતો. જાણકારી અનુસાર, નરસિંહ કાંડા પોતાના પરિવાર સાથે સિકંદરપુરમાં મજૂરી કામ કરવા આવ્યો હતો. સ્વાસ્થ્ય નબળું રહેવાના કારણે તેણે ઘરે પરત ફરવાનો નિર્ણય લીધો. મંગળવાર સવારે લગભગ ૧૦ વાગ્યે નરસિંહ, પ્લેફોર્મ નંબર ૫ પર એક માલગાડી ટ્રેનના ડબ્બા પર ચડવાની કોશિશ કરી રહ્યો હતો. આ દરમ્યાન અમુક લોકોએ તેને ચેતવણી પણ આપી હતી. પણ તે ઉપર પડ્યો. નરસિંહ જેવો માલગાડી પર ચડ્યો અને તેનો હાથ 11KVના એક જીવંત તાર પર અડી ગયો. જેનાથી તેને જબરદસ્ત કરંટ લાગ્યો. આ ઘટના બાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. રેલવે સુરક્ષા દળના અધિકારીઓએ તરત તેની મદદ કરી અને રાયગડા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાવ્યો, જો કે સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થઈ ગયું. જીઆરપીએ તેનો મોબાઈલ લઈ લીધો અને તેમના પરિવારને આ દુખદ ઘટના વિશે જાણ કરી.

# બિહારના મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહ પર અંધાધૂંધ ફાયરિંગ

। (એજન્સી) મોકામા, તા.૨૩ ।

મોકામા તાલુકાના નૌરંગા-જલાલપુર ગામમાં મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહ અને કુખ્યાત ગુનેગાર સોનુ-મોનુ ગેંગ વચ્ચે ભીષણ ફાયરિંગ થયો છે. આ ફાયરિંગમાં મોકામાના પૂર્વ ધારાસભ્ય અનંત સિંહનો આબાદ બચાવ થયો હતો. ફાયરિંગની ઘટના બાદ નૌરંગા ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. ફલડ એએસપી રાકેશ કુમાર ઘટનાસ્થળે પહોંચ્યા છે. સોનુ-મોનુ ગેંગે ગામના એક પરિવારને બેરહેમીથી માર માર્યો હતો. તેના પરિવારના તમામ સભ્યોને ઘરની કાઢીને તાળા મારી દેવામાં આવ્યા હતા. આ મામલાની માહિતી મળ્યા બાદ અનંત સિંહ પણ સોનુ મોનુના ઘરે ગયો હતો. અનંત સિંહને ઘરે જોઈને બન્ને ભાઈઓએ ફાયરિંગ કર્યુ હતું અને સ્થળ પરથી ફરાર થઈ ગયા છે. એએસપી રાકેશ કુમારે સોનુ-મોનુના ઘરે ફાયરિંગ થયાનું સ્વીકાર્યું છે. પોલીસને ઘટનાસ્થળેથી ત્રણ શેલ કેસીંગ પણ મળી આવ્યા છે. મળતી માહિતી અનુસાર ગેંગસ્ટર સોનુ-મોનુએ ૬૦ થી ૭૦ રાઉન્ડ ફાયરિંગ કર્યા. આ ફાયરિંગમાં અનંત સિંહ માંડ-માંડ બચ્યા છે. ફાયરિંગની ઘટનાથી ગામમાં ભયનો માહોલ છે. અનેક પોલીસ સ્ટેશનની પોલીસ ગામમાં ધામા નાખ્યા છે. અન્ય પક્ષ દ્વારા પંચમલા પોલીસ સ્ટેશનમાં ઘણા મહિનાઓથી કેસ નોંધવા અરજી આપવામાં આવી હતી, પરંતુ પોલીસ સ્ટેશનના વડાએ તેની વાત સાંભળી ન હતી. આ પછી આ બધા લોકો એએસપી ઓફિસ પહોંચ્યા હતા. ASP રાકેશ કુમારે પંચમહાલા પોલીસ સ્ટેશનના વડાને ફોન કરીને કેસ નોંધવા સૂચના આપી હતી.

# અમેરિકાના લોસ એન્જલસ નજીકના ઉત્તરીય વિસ્તારમાં આગ લાગી

## આગ ઓલવવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, આ માટે હેલિકોપ્ટર અને વિમાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાના લોસ એન્જલસ નજીકના ઉત્તરીય વિસ્તારમાં બુધવારે એક નવી જંગલમાં આગ લાગી. આગને કારણે ૩૧ હજાર લોકોને તેમના ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કાસ્ટેઈક તળાવ નજીકની ટેકરીઓમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. તે થોડા કલાકોમાં ૮,૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ભારે પવને આગને વધુ ભડકાવી દીધી છે. આ વિસ્તારમાં સાન્ટા એનાના પવનો ખૂબ જ તીવ્ર અને સૂકા છે. આ કારણે આગ ઝડપથી ફેલાઈ રહી છે. તળાવની આસપાસ રહેતા ૩૧,૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આ તળાવ લોસ એન્જલસથી લગભગ ૫૬ કિલોમીટર



ઉત્તરમાં અને સાન્ટા ક્લેરિટા શહેરની નજીક સ્થિત છે.લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ રોબર્ટ લુનાએ જણાવ્યું હતું કે આગને કારણે કાસ્ટેઈકમાં પિચેસ ડિટેન્શન સેન્ટર ખાલી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. અહીં રાખવામાં આવેલા લગભગ ૫૦૦ કેદીઓને બીજી જેલમાં મોકલવામાં આવ્યા છે.આગ લાગ્યા પછી પોતાનો સામાન પેક કરી રહેલા એક વ્યક્તિએ અમેરિકન મીડિયાને કહ્યું કે, 'હું ફક્ત પ્રાર્થના કરી રહ્યો છું કે અમારું ઘર બળી ન જાય.' લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ રોબર્ટ જેન્સને બધાને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવા વિનંતી કરી છે. આ પહેલા પણ લોસ એન્જલસમાં લાગેલી ભીષણ આગને કારણે હજારો ઘરો નાશ પામ્યા હતા. એટલું જ નહીં, ૨ લાખ લોકોને ઘર છોડવાની ફરજ પડી હતી જ્યારે ૨૭ થી વધુ લોકોના મોત થયા હતા.આગ ઓલવવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ માટે હેલિકોપ્ટર અને વિમાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બે સુપર સ્કૂપર્સ વિમાન આગ પર પાણી રેડી રહ્યા છે. વિમાનો અગ્નિશામક હેતુઓ માટે બનાવવામાં આવ્યા છે. ઉડતી વખતે, તેઓ તેમના ટાંકીઓમાં સેંકડો લિટર પાણી ભરીને આગ પર રેડે છે. લોસ એન્જલસ કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટ અને એન્જલસ નેશનલ ફોરેસ્ટના ક્રૂ પણ જમીન પરથી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા.હાલમાં લોસ એન્જલસમાં ઝડપી અને શુષ્ક પવનો ચિંતા વધારી રહ્યા છે. આગ પણ આ કારણે જ ભડકી રહી છે. તેના લીકે ધૂમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા દેખાઈ રહ્યા છે. એવી પણ આશંકા છે કે આગ વધુ ભડકી શકે છે અને મોટા વિસ્તારને લપેટમાં લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૮ માં મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ એટલે કે ઓલિમ્પિક્સનું આયોજન અમેરિકન શહેર લોસ એન્જલસમાં થવાનું છે. આ કાર્યક્રમ ૧૪ જુલાઈથી ૩૦ જુલાઈ ૨૦૨૮ સુધી ચાલશે. લોસ એન્જલસને અમેરિકન સિનેમાનું કેન્દ્ર કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં, આ ઘટનાને ઘણી રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

**વિશેષ** — વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં મેન્યુફેક્ચરીંગ આઉટપુટ રૂ. ૪૪,૮૦૦ કરોડ હતું અને આજે રૂ ૬.૭ લાખ કરોડ પહોંચ્યું છે : મંત્રી ઋષિકેશ પટેલ

# ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ ખાતે એમક્યોર ફાર્માસ્યુટિકલ્સના અત્યાધુનિક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરાયું







। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે એમક્યોર ફાર્માસ્યુટિકલ્સના અત્યાધુનિક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરાયું હતું જ્યાં ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ એમક્યોર ફાર્મના નવનિર્મિત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી અને માહિતી પણ મેળવી હતી તથા વધુમાં રિસર્ચ સેન્ટરમાં થઈ રહેલા કર્યો વિશે પણ વાકેફ થયા હતા.

મંત્રીશ્રીઓએ અદ્યતન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લઈ એમક્યોર ફાર્માસ્યુટિકલની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા 'વિકસિત ભારત'ના આહ્વાનને પગલે દેશ અને રાજ્યમાં અનેક ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થઈ રહ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં મેન્યુફેક્ચરીંગ આઉટપુટ રૂ. ૪૪,૮૦૦ કરોડ હતું અને આજે રૂ ૬.૭ લાખ કરોડ પહોંચ્યું છે તેવું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત વિશે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત જેવી સમિટના પરિણામે રાજ્યમાં નવા નવા ઉદ્યોગો આવ્યા અને સમગ્ર ગુજરાતમાં કલસ્ટર બેઝ્ડ ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ થયો છે. કોરોના કાળ વિશે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાના સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલી કામગીરીથી આરોગ્ય ક્ષેત્રે દેશનું નામ વૈશ્વિક લેવલે નોંધાયું અને વેક્સીનેશનની કામગીરી પણ વખાણાઈ.

આરોગ્ય ક્ષેત્રે રાજ્યમાં થઈ રહેલા કાર્યો વિશે મંત્રીશ્રીએ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા સરકાર સતત પ્રયત્નશીલ છે. વધુમાં રાજ્ય સરકાર વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પણ કટિબદ્ધ છે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે વધુ ઉમેર્યું કે, આજે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતા નીતિ વિવિધ કંપનીઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષી રહી છે.

આજે ગુજરાતમાં મેડિકલ ક્ષેત્રે પણ ખ્યાતનામ કંપનીઓ પોતાના રીસર્ચ સેન્ટર, પ્રોડકશન હાઉસ સ્થાપી રહી છે ત્યારે આવી કંપનીઓ થકી આગામી સમયમાં વધુ નવા રિસર્ચ થાય અને રાજ્યનું નામ ફાર્મા ક્ષેત્રે આગળ વધે તેવો આશાવાદ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે એમક્યોર ફાર્મા સ્યુટિકલના સ્થાપક અને સીઈઓ શ્રી સતીશ મહેતાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. તેમણે કંપની વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ ઉપરાંત આગામી સમયમાં અદ્યતન ટેકનોલોજી અને સંશોધન સાથે હાથ ધરવામાં આવનાર પ્રોજેક્ટ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, આ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ફાર્મા ક્ષેત્રે નોંધપાત્ર સિમાચિહ્નરૂપ સાબિત થશે.

આ પ્રસંગે એમક્યોર કંપનીના શ્રી ડો. સંજય સિંઘ, શ્રી ડો. મુકુંદ ગુર્જર, શ્રી સમીત મહેતા, શ્રી નમિતા થાપર, શ્રી ડો. દીપક ગોંડલિયા તથા એમક્યોર કંપની સાથે જોડાયેલા લોકો અને મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સુરત એ પશ્ચિમ ભારતનું આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બન્યું** રૂા.૨૫૦ કરોડના ખર્ચે ૧૩ માળની અદ્યતન કેન્સરની સુવિધાઓ સાથે ૧૧૦ બેડની હોસ્પિટલનો શુભારંભ

# સુરતના વેસુ ખાતે રૂા.૨૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત બાબુલાલ રૂપચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને ફુલચંદભાઈ જયકિશનભાઈ વખારીયા સેનેટોરિયમનું લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ







। સુરત, તા.૨૩ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે સુરતના વેસુ સ્થિત મહાવીર આરોગ્ય અને રાહત સોસાયટી દ્વારા રૂા.૨૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક સુવિધાથી સજ્જ બાબુલાલ રૂપ ચંદ શાહ મહાવીર કેન્સર હોસ્પિટલ અને શ્રી ફુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા સેનેટોરિયમનું લોકાર્પણ કરાયું હતું. મહાવીર કેન્સર હોસ્પિટલમાં ૧૩ માળ સાથે ૨.૭૫ લાખ સ્કે.ફુટમાં ૧૧૦ બેડ અને ૩૬ રૂમ સાથેનું સેનેટોરિયમ, એમ. આર.આઈ., પેટસીટી સ્કેન, ઈમ્યુનોથેરાપી સાથેની અનેકવિધ સારવાર ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું કે, મહાવીર હોસ્પિટલમાં એક જ છત નીચે કેન્સરની સારવાર માટેની અનેકવિધ સાધનોથી સજ્જ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે સરકારની આયુષ્યમાન યોજના હેઠળ કેન્સરની વિનામૂલ્યે સારવાર મળી શકશે. તેમણે કહ્યું કે, સુરતએ પશ્ચિમ ભારતનું ઔદ્યોગિક અને આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બન્યું છે. જેના પરિણામે વસ્તીમાં પણ વધારો થયો છે તેમ છતા સુરતે છેલ્લા વર્ષોમાં સ્વચ્છતાક્ષેત્રે સમગ્ર ભારતમાં અગ્રીમ રહ્યું છે. હવે આરોગ્ય ક્ષેત્રે પણ સુરત પ્રગતિના પથ પર છે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આયુષ્માન કાર્ડના માધ્યમથી ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને આરોગ્યની ઉમદા સહાય મળી રહી છે. વૃદ્ધો અને ગરીબો માટે આરોગ્ય સેવા સુલભ બની છે. ૧૨ કરોડ પરિવારોના ૬૦ કરોડ લોકોને આરોગ્ય કવચ પુરૂ પાડયું છે. છેલ્લા આઠ વર્ષમાં ૩૧૭ કરોડ દર્દીઓએ PMJAY યોજનાનો લાભ લીધો હોવાનું જણાવ્યું હતું. ગૃહમંત્રીએ ઉમેર્યું કે, દેશભરમાં ૭૧ કરોડ આભાકાર્ડ બનાવવામાં આવ્યા છે.. ૧૦,૦૦૦થી વધુ જનઆરોગ્ય કેન્દ્રોથી ૧૦ ટકાથી લઈને ૫૦ ટકા સુધીની રાહતદરે દવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૭૬૬ નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી છે. આગાઉ ૫૧ હજાર એમ.બી.બી. એસ. ડોકટરો બહાર પડતા હતા, હવે દર વર્ષે ૧.૧૫ લાખ જેટલા નવા ડોકટરો બની રહ્યા છે. જે પ્રધાનમંત્રીના આગવા વિઝનના કારણે શકય બન્યું છે. સ્વચ્છ ભારત મિશન, પોષણ મિશન, ઈન્દ્ર ધનુષ્ય, જલ જીવન મિશન જેવા અનેક અભિયાનોના પરિણામે આરોગ્યક્ષેત્રે આમુલ પરિવર્તન આવ્યું છે. ગૃહમંત્રીએ અદ્યતન હોસ્પિટલના નિર્માણ બદલ ટ્રસ્ટીઓ તથા દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને દર્દીનારાયણની સેવા માટેની ભાવનાને બિરદાવી હતી. આ પ્રસંગે રાજયના ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ૧૯૭૮થી શરૂ થયેલી મહાવીર હોસ્પિટલ દરેક નાગરિકોને રાહતદરે સેવા પૂરી પાડી રહી છે. ટ્રસ્ટ દ્વારા સમયાંતરે જુદી જુદી સારવાર સેવાઓનો ઉમેરો થયો છે. આ તકે મંત્રીશ્રીએ પૂર અને પ્લેગ જેવા સમયે પણ મહાવીર હોસ્પિટલે નિષ્ઠાપૂર્વક કરેલી કામગીરીને યાદ કરી હતી. મહાવીર હોસ્પિટલ હાર્ટની પ્રથમ હોસ્પિટલ તરીકે ઓળખાય છે, જ્યાં હજારો હૃદયરોગીઓના જીવ બચાવાયા છે. હવે મહાવીર હોસ્પિટલ દ્વારા કેન્સર હોસ્પિટલ શરૂ કરવાનું મહત્વનું કાર્ય થયું છે. કેન્સર સારવાર માટે હવે મુંબઈ કે અન્ય શહેરોમાં જવાની જરૂર નથી, કારણ કે તમામ સુવિધાઓ હવે સુરતમાં જ ઉપલબ્ધ બનશે. તેમણે ઉમેર્યું કે, આયુષ્માન કાર્ડ થકી લાખો લોકો આ સુરક્ષિત અને સુલભ આરોગ્ય સેવાઓનો લાભ લઈ રહ્યા છે. આયુષ્યમાન કાર્ડ યોજનામાં રાજ્ય સરકારે ઉમેરો કરીને ખર્ચની મર્યાદા વધારીને રૂ.૧૦ લાખ કરી છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. આ પ્રસંગે મહાવીર કેન્સર હોસ્પિટલના અધ્યક્ષ રૂપાબેન મહેતાએ હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓની વિગતો આપીને ફુલચંદ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે હોસ્પિટલમાં રેડિયેશન થેરાપી, કીમોથેરાપી, કેન્સર સર્જરી માટેનું હાઈ-ટેક મોડ્યુલર ઓપરેશન થિયેટર, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ન્યુક્લિયર મેડિસિન, કેન્સર રિહેબિલિટેશન, ડાયટ અને ન્યુટ્રીશન, ઈમ્યુનોથેરાપી, ટાર્ગેટેડ અને પ્રિસિજન થેરાપી જેવી આધુનિક સુવિધાઓની વિગતો આપી હતી. આ પ્રસંગે કેન્સર હોસ્પિટલમાં સાકારિત કરવામાં સહયોગ આપનારા દાતાશ્રી સર્વશ્રી મૌલિકભાઈ શાહ, કિરીટભાઈ વખારિયા, નિતાબેન શાહ, શૈલુરભાઈ મહેતા, સંદિપ શાહ, સાકેતભાઈ, નિમિષભાઈ ચોકસીનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્ય સર્વશ્રી પુર્ણેશભાઈ મોદી, સંદિપ ભાઈ દેસાઈ, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, કાંતિભાઈ બલર, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, હોસ્પિટલના મીતાબેન, શહેર સંગઠન પ્રમુખ નિરંજન ઝાંઝમેરા, અગ્રણી જે.પી.અગ્રવાલ તથા ટ્રસ્ટીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં થોડા દિવસથી તાપમાનમાં વધારો થતા ઠંડકમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે આજે ફરીથી તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડીમાં વધારો થયો છે. જોકે, હજી વહેલી સવારે અને રાતે ઠંડક તો બપોરે તો થોડી ગરમી લાગી રહી છે. ત્યારે અમદાવાદના હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સમયમાં કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી જણાવવામાં આવી છે. અમદાવાદના હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે ગુજરાતમાં ઠંડી અંગેની આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, આજથી સાત દિવસ હવામાન શુષ્ક રહેશે. લઘુત્તમ તાપમાનમાં ડાઉન ટેન્ડેન્સી રહેશે પરંતુ કોઈ મોટો ફેરફાર નહીં થાય. હાલ ગુજરાતમાં પવનની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વની છે.

## ક્રાઇમ બ્રાન્ચની કર્મચારી તરીકે ઓળખ આપી ધમકાવનાર યુવતી- યુવક સામે ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ક્રાઈમ બ્રાન્ચના કર્મચારી તરીકે ઓળખ આપી તોડ કરનાર મહિલા અને યુવક સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં યુવતીએ પહેલાં ક્રાઈમ બ્રાન્ચના કર્મચારી તરીકે ઓળખ આપી યુવકને ધમકાવ્યો હતો. ત્યારબાદ ખાનગી ન્યૂઝ ચેનલમાં કામ કરતા યુવકે કેસ પતાવવા માટે ફોન કરી ૨૦-૨૫ હજાર માગી કેસ પુરો થઈ જશે તેમ કહ્યું હતું. જોકે, બીજા દિવસે યુવક અને યુવતીને સાથે જોયા બાદ ભોગ બનનારે યુવતીનો નંબર સેવ કરી વોટ્સએપ પર તેનું પ્રોફાઈલ પિકચર જોતા ક્રાઈમ બ્રાન્ચમાંથી ફોન કરનાર યુવતી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. આ મામલે યુવકે યુવક-યુવતી સામે ફરિયાદ કરતા પોલીસે તપાસ આરંભી છે. શહેરના વટવા વિસ્તારમાં મો. સિકંદરઅલી રીજવી ગનીખાન મુસ્લા પરિવાર સાથે રહે છે. તેનો નાનો ભાઈ ગુલામ ઝીલાની કોઈ કામ ધંધો કરતો નહોવાથી ઘરમાં ઝઘડો થતા સિકંદરઅલી અલગ રહેવા જતો રહ્યો હતો.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સાબરમતી ડી કેબિન ખાતે નવીન અન્ડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૨૩ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર લોકસભાના સંસદસભ્ય શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનમાં પસાર થતી અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન ઉપર આવેલ રેલવે લાઈન લેવલ ક્રોસિંગ નં- ૨૪૩, સાબરમતી ડી કેબીન ઉપર રેલવે વિભાગ દ્વારા ફાટક મુક્ત ક્રોસિંગ અભિયાન અંતર્ગત નિર્માણ પામેલા અન્ડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ નવીન અન્ડરપાસનું અંદાજિત રૂ.૧૧.૩૨ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. આ અન્ડરપાસનો લાભ આસપાસના વિસ્તારો જેવા કે, સાબરમતી, રાણીપ, કાળીગામ અને ચાંદખેડામાં વસતા લોકો ઉપ રાંત વાણિજ્ય એકમો તેમજ શાળા અને રિંગરોડ તરફ જતા લોકો મળીને આશરે ૧,૫૦,૦૦૦થી વધુ વાહનચાલકોને મળશે. તેમજ આ રેલ્વે ક્રોસિંગને લીધે થતી ટ્રાફિકની સમસ્યા, સમય અને ઈંધણનો વ્યય તથા પ્રદૂષણ જેવી સમસ્યાઓનો પણ હલ આવશે.

આ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, ધારાસભ્ય શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી અને પશ્ચિમ રેલવે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી તેમજ હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

## ગોતા વોર્ડમાં રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત 'રમત ગમત સંકુલ'નું લોકાર્પણ કરાયું



। અમદાવાદ, તા.૨૩ ।

શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડમાં સીમ્સ રેલ્વે ઓવર બ્રીજના સાયન્સ સિટી તરફના ભાગ નીચે અંદાજિત રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રમત ગમત સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ અને રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

તક્તિ અનાવરણ બાદ મહાનુભાવોએ રમતગમત સંકુલના વિવિધ વિભાગો નિહાળ્યા હતા. આની સાથે સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ સમક્ષ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્માણ થનાર ઈસ્કોનથી પકવાન આઈકોનિક રોડનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદના પેલેડિયમ મોલ પાસે થતા ટ્રાફિકના સોલ્યુશનનું પણ એક પ્રેઝન્ટેશન તજ્જ્ઞો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ બન્ને પ્રેઝન્ટેશન નિહાળીને કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મહાનુભાવોએ પોતાનાં સૂચન આપીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન તથા સ્થાનિક આગેવાનો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીએ છે કે, ગોતા વોર્ડમાં રૂ.૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રમત ગમત સંકુલમાં ટેબલ ટેનિસ, બોક્સ ક્રિકેટ, બાસ્કેટબોલ, પિકલબોબ, વોલિબોલ, ઉપરાંત સ્નૂકર, ચેસ, લુડો, કેરમ સહિત વિવિધ ઈન્ડોર ગેમ્સ નગરજનોને રમવા મળશે.

### મક્કામાં પણ આવી ભીડ નથી હોતી : નીતિન પટેલ

## ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મહાકુંભમાં પહોંચ્યા

### નીતિન પટેલએ મહાકુંભની વ્યવસ્થાને લઈને પ્રશંસા કરી, તેમણે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૩ ।

મહાકુંભમાં દેશ વિદેશથી લોકો દર્શન કરવા આવી રહ્યા છે. જેમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ મહાકુંભમાં પહોંચ્યા છે. મહાકુંભમાં પહોંચ્યા બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં તેમણે કહ્યું કે માં ગંગામાં સ્નાન કરવાનો મને અવસર મળશે જે મારા માટે ખરેખર આનંદની વાત છે. નીતિન પટેલ દ્વારા સૌથી પહેલા તો મહાકુંભની વ્યવસ્થાને લઈને પ્રશંસા કરવામાં આવી હતી. સાથે જ તેમણે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી. વધુમાં તેમણે એવું પણ કહ્યું હતું કે દુનિયામાં ક્યાંય પણ આટલા લોકો ભેગા નથી થતા જેટલા મહાકુંભમાં થયા છે. આપને જણાવી દઈએ કે મહાકુંભમાં દેશવિદેશથી લોકો ગંગામાં સ્નાન કરવા માટે આવતા હોય છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, મક્કામાં પણ આવી ભીડ ક્યારેય નથી હોતી. સાથે જ તેમણે એવું પણ કહ્યું કે મક્કામાં આવી વ્યવસ્થા પણ નથી કરતા જેટલી મહાકુંભમાં કરવામાં આવી છે. ઉપરાંત એવું પણ કહ્યું કે એ સમૃદ્ધ દેશ હોવા છતાં આવી વ્યવસ્થા ત્યાં નથી હોતી. સમગ્ર મામલે તેમણે મહાકુંભની વ્યવસ્થાની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે મહાકુંભમાં પહોંચ્યા બાદ નીતિન પટેલ દ્વારા એવું પણ કહેવામાં આવ્યું હતું કે કરોડો લોકો હાલ મહાકુંભમાં આવ્યા છે અને હજુ વધારે લોકો આવશે. સાથે જ તેમણે એવું પણ કહ્યું કે પરિવાર સાથે આજે કુંભ સ્નાન કરીશું.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રેડક્રોસની અમદાવાદ શાખાની મુલાકાત લીધી

**રક્તદાન માટેનું પ્રથમ ગીત અને મેસ્કોટ બનાવનાર રેડક્રોસ અમદાવાદ શાખા ભારતમાં રક્તદાનની રાજધાની : રેડક્રોસ શતાબ્દી ભવન શેરદિલ અને કેરદિલની થીમ આધારિત**



। અમદાવાદ, તા.૨૩ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રેડક્રોસ અમદાવાદ શાખાની અત્યાધુનિક ઈમારત 'રેડક્રોસ શતાબ્દી ભવનની સૌજન્ય મુલાકાત લીધી હતી. રાજ્યપાલનું 'ચીફ પેટ્રોન ઓફ બ્લડ ડોનેશન કેપીટૅલ ઓફ ઈન્ડીયા' તરીકે અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત વેળાએ રેડક્રોસ અમદાવાદની વિવિધ સેવા પ્રવૃત્તિઓ અને સુવિધા પ્રકલ્પોની માહિતી મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રેડક્રોસ અમદાવાદ શાખાએ ગત વર્ષે તેના કાર્યકાળના ૧૦૦ વર્ષ પૂરા કર્યા છે. અમદાવાદ ભારતનું બ્લડ ડોનેશન કેપિટલ છે, તેમાં રેડક્રોસ અમદાવાદ શાખાની મહત્વની ભૂમિકા છે. અમદાવાદ જિલ્લા રેડક્રોસ દ્વારા વર્ષે ૧૨૪૦ જેટલા થેલેસેમિયાગ્રસ્ત બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝનની સેવા નિયમિત આપવામાં આવે છે, તેની વિગતો રાજ્યપાલશ્રીએ મેળવી હતી. રાજ્યપાલશ્રીએ રેડક્રોસમાં બ્લડ ટ્રાન્સફ્યુઝનની સેવા લઈ રહેલા બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. બાળકોએ આ તકે રાજ્યપાલશ્રીનો સંવેદનાસભર સ્પર્શ અને ઉજ્જ્વળ કારકીર્દીના નિર્માણ માટેનું માર્ગદર્શન મેળવ્યું હતું. થેલેસેમિયાગ્રસ્ત બાળકોના વાલીઓ, માતા-પિતાને પણ રાજ્યપાલશ્રી મળ્યા હતા. દાયકાઓથી રેડક્રોસમાં બ્લડ ટ્રાન્સફયુઝનની સુવિધા મેળવતા બાળકોમાંથી કોઈ ફર્ટિલાઈઝર પ્લાન્ટનો માલિક, કોઈ યુટુબર તો કોઈ જાદુગર બનીને સફળ જીવન વ્યતિત કરી રહ્યા છે, દીર્ઘાયું ભોગવી રહ્યા છે તેની માહિતી પણ રાજ્યપાલશ્રીએ મેળવી હતી. અમદાવાદ રેડક્રોસ ભવનમાં રક્તદાતાઓને 'શેરદિલ' —લાયન હાર્ટ અને રક્તદાતાઓની સંભાળ લેતી પરિચારિકાને 'કેરદિલ' - લેડી લાયન તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

### ગુજરાત એસટીએ લીધો મોટો નિર્ણય

## હવે ખોટા નામે ચાલતી હોટેલો પર બસ હવે નહીં ઊભી રહે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) એ હિન્દુ નામોની આડમાં ચલાવવામાં આવતી કેટલીક હોટલોના લાઈસન્સ રદ કર્યા છે. અહેવાલો અનુસાર, આ હોટલોનું નામ કાં તો હિન્દુ હતું અથવા તેને ચલાવવા માટે કોઈ હિન્દુ માલિકના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. હવે રાજ્ય પરિવહન નિગમ એટલે કે GSRTC ની બસો આ હોટલો પર રોકાશે નહીં. છેલ્લા એક વર્ષમાં, GSRTC એ એવી હોટલોની યાદી તૈયાર કરી હતી જેમાં હિન્દુ નામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અથવા કેટલાક કિસ્સાઓમાં હોટલ માલિક તરીકે હિન્દુ નામ હતું પરંતુ તે મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. હોટલોમાં પારદર્શિતા અને યોગ્ય સંચાલન માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જે હોટલોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા છે તેમાં વડોદરા ડિવિઝનમાં અમદાવાદ-સુરત રોડ પર આવેલી સ્વાજી ઈન, હોટેલ વિશાલ, હોટેલ બસેરા અને હોટેલ સતીમાતાનો સમાવેશ થાય છે.

### શ્યામ વુડ શેડની ઓફિસમાં

## બીગ બેસ ટીર૦ની મેચ પર સટ્ટો રમનાર ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

શહેરના કઠવાડા રોડ પર આવેલા ગજાનંદ એસ્ટેટમાં શ્યામ વુડ શેડની ઓફિસમાં સટ્ટાની ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોવાની પીસીબીની ટીમને બાતમી મળી હતી. પીસીબીની ટીમે રેડ કરતા ત્યાંથી એક આધેડ સટ્ટો રમતા મળી આવ્યો હતો. આધેડ બીગ બેસ ટી૨૦ની મેચ પર સટ્ટો રમતા મળી આવ્યા બાદ તેને આઈડી આપનારને પણ પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારે આરોપીઓને માસ્ટર આઈડીમાંથી અન્ય આઈડી બનાવી આપનારની પોલીસે શોધખોળ હાથ ધરી છે. પીસીબી પી.આઈ. જે.પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે કઠવાડા રોડ પર આવેલા ગજાનંદ એસ્ટેટમાં શ્યામ વુડ શેડની ઓફિસમાં કેટલાક લોકો ક્રિકેટ સટ્ટો રમે છે. જેથી પોલીસે ત્યાં રેડ કરીને રમેશચંદ્ર પટેલ (ઉ.૫૨, રહે. કેસર એક્ઝોટિકા, હંસપુરા)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના મોબાઈલ ફોનની તપાસ કરતા તેમાંથી સટ્ટાની પ્રવૃતિના પુરાવા મળી આવ્યા હતા.

### મ્યુનિ.ને રોકાણ વગર આવક

## ગાંધીનગરમાં ૧૦ નવા EV ચાર્જિંગ સ્ટેશન બનશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગાંધીનગર શહેરમાં ઈફ વાહનોનું વેચાણ વધે અને ગાંધીનગર શહેરના ઈલેક્ટ્રિક વ્હિકલને EV ચાર્જિંગ સ્ટેશન મળી રહે તે હેતુથી ગાંધીનગરના ૪ વિસ્તારોમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ તેમજ રેવન્યુ શેરિંગ મોડેલ આધારિત પબ્લિક ઈલેક્ટ્રિક વ્હિકલ ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે. આગામી સમયમાં નવા 10 EV ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવાનું આયોજન હાથ ધરાયું છે. EV ચાર્જિંગ સ્ટેશનના કારણે મ્યુનિ. તંત્ર માટે રોકાણ વગર આવકના નવા સ્રોતનું સર્જન થયું છે. આ તમામ સ્ટેશન પાછળ ગાંધીનગર મહાનગરપાલિકાને કોઈ પણ પ્રકારનો ખર્ચ કરવાનો થતો નથી. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાને ચાર્જિંગ યુનિટને આધારે રેવન્યુ પણ પ્રાપ્ત થાય છે. હાલ, સેક્ટર ૨૧ સેન્ટ્રલ લાઈબ્રેરીની પાછળ, સેક્ટર ૨૧ નર્સરીની બાજુમાં, સેક્ટર ૬ પેટ્રોલ પમ્પની સામે તથા સેક્ટર ૧૧ ટોરેન્ટ પાવર ઓફિસની પાછળ આ ૪ સ્થળો પર EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યા છે.